Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૨ • તા. ૧૭ ઑક્ટોબર ૨૦૧૬ થી ૨૩ ઑક્ટોબર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી તિલકચંદ કુંવરજી (લોડાયા) આઈ. આર. એસ. રોડ, એવા ગદગના રસ્તાના નામકરણ નિમિત્તે ગદગવાસીઓ વતી તેમનું ભાવભર્યું ગુણ ગૌરવ



ગદગમાં દશેરાના પાવન અવસરે મંગળવાર, તા. ૧૧/૧૦/૨૦૧૬ના જ્ઞાતિના જિનાલય -જ્ઞાતિની સ્કૂલ તથા સમસ્ત જૈનો માટેની આવાસ યોજના ધરાવતા રોડનું નામકરણ શ્રી તિલકચંદ કુંવરજી (લોડાયા) આઈ.આર.એસ. રોડ કરવામાં આવ્યું.

ગદગ બેટગિરી મ્યુનિસિપલ કૉર્પોરેશને તાજેતરમાં શ્રી કરમશી પાંચારીયા જીનીંગ એન્ડ પ્રોસેસીંગ ફેક્ટરીથી આપણી ક.દ.ઓ. જૈન ગુજરાતી સ્કૂલ સુધીના રોડને શ્રી તિલકચંદ કુંવરજી (લોડાયા) આઈ.આર.એસ. એવું આપવાનો ઠરાવ પસાર કર્યો તેના અનુસંધાનમાં આ નામકરણ થયું છે. આ રોડપર આવેલી સર્વોદય હૌસિંગ સોસાયટી જે તિલકભાઈના પિતાશ્રીએજ પ્રેરીત કરેલી અને ગદગમાં જૈનોની વિશેષ સોસાયટી તરીકે પ્રખ્યાત છે.

આ પ્રસંગે ગદગની વિવિધ સંસ્થાઓ સાથે શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગદગ અને શ્રી ક.દ.ઓ. જૈન સ્કૂલ દ્વારા શ્રી તિલકભાઈને સન્માનિત કરવામાં આવ્યા. આ વખતે જ્ઞાતિ સંસ્થાઓએ પોતાના સન્માન પત્રમાં શ્રી તિલકભાઈને સંબોધીને જીણાવ્યું છે કે :

### ગુણગૌરવ - Gungaurav

**શ્રી તિલકભાઈ કુંવરજી લોડાયા**

સાંયરા - ચેન્નઈ

"અમે ગદગના સુપુત્ર જે
નિસ્વાર્થ સામાજિક સાહસવીર,
દ્રષ્ટા ક.દ.ઓ., એક જીવંત દંતકથા,
દક્ષિણ ભારત અને સાંયરા રત્ન છે
તેમની સિધ્ધિઓ બદલ
ગૌરવ અનુભવીએ છીએ"

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગદગ
શ્રી ક.દ.ઓ. જૈન સ્કૂલ - ગદગ

**Shri Tilakbhai Kunvarji Lodaya**

Sayera - Chennai

We are proud of the
son of GADAG,
A Selfless
Social Enterpreneur,
A visionary KDO,
A living Legend,
Dakshin Bharat &
Sayera Ratna

KDO JAIN MAHAJAN, GADAG
CDO JAIN SCHOOL, GADAG

।। દેવાધિદેવ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ ।।

।। શ્રી આર્ય-જય-ધર્મ-મહેન્દ્ર-મેરૂતુંગ-જયશેખર-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભગુરૂભ્યો નમો નમઃ ।।

# શ્રી કચ્છ નલીયા નગરે

## શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે સહિરક શતાબ્દિ વર્ષે

## તથા ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે જિનેન્દ્ર ભક્તિમય પંચાહ્નિકા મહોત્સવે

# નલીયા ગામની નિયાણી બહેનોને સહપરિવાર નેહ નિતરતું નિમંત્રણ...

વિક્રમ સંવત ૨૦૭૩
માગસર વદ ૧૩,
સોમવાર,
તા. ૨૬-૧૨-૨૦૧૬ થી
પોષ સુદ ૨,
શુક્રવાર,
તા. ૩૦-૧૨-૨૦૧૬






**✣ દિવ્ય કૃપા ✣**

શાસન સમ્રાટ્, રાષ્ટ્રસંત, અનંતોપકારી,
ગુરૂદેવ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભગવંત
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**✣ શુભાશિષ-આજ્ઞાપ્રદાન ✣**

સળંગ - ૫૦મા વર્ષીતપના આરાધક
તપસ્વીરત્ન, સંઘશિરછત્ર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભગવંત
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**✣ આશિષ વાત્સલ્ય ✣**

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક
પ.પૂ.આ. ભગવંત
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**✣ પુણ્યે પાઈ પાવન નિશ્રા ✣**

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાઆજ્ઞાવર્તી ૪૫ આગમાભ્યાસી
**પ.પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા.**

**૧૭૫મી ધ્વજા મહોત્સવના પડઘમ વાગી રહ્યા છે. અમુલ્ય અવસર આપણા આંગણે આવી રહ્યો છે. શ્રી સંઘના હરખનો કોઈ પાર નથી. સહિરક શતાબ્દિ મહોત્સવ વર્ષની ઉજવણી દ્વારા આત્મકલ્યાણના એક અપૂર્વ મહામંગલકારી મહોત્સવ પ્રસંગે નલીનપુર (નલીયા)ની નિયાણી બહેનોને સપરિવાર પધારવાનું આમંત્રણ આપતા આનંદ અનુભવીએ છીએ.**

**સુવર્ણ અક્ષરોથી લખનારા આ પ્રસંગના સાક્ષી બનવા, પાંપણ અને કીકી પાવન બનાવવા જરૂર પધારશો.**

## પંચાહ્નિકા મહોત્સવે કાર્યક્રમની રૂપરેખા

### ✣ પ્રથમ દિવસ ✣

માગસર વદ ૧૩, સોમવાર, તા. ૨૬.૧૨.૧૬
સવારે શુભ મુહૂર્તેઃ કુંભ સ્થાપના, અખંડ દિપક
સવારે ૧૦.૩૦ ક. : વ્યાખ્યાન
બપોરના વિજય મુહૂર્તે :
નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન
રાત્રે ૮ ક.: પરમાત્મા ભક્તિ તથા
ધાર્મિક એવમ્ સાંસ્કૃતિક કાર્યક્રમ

### ✣ દ્વિતીય દિવસ ✣

માગસર વદ ૧૪, મંગળવાર, તા. ૨૭.૧૨.૧૬
સવારે શુભ મુહૂર્તે : પ્રભુજીનો વરઘોડો (રથયાત્રા)
બપોરના વિજય મુહૂર્તેઃ
મહાપ્રભાવક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન
રાત્રે ૮ ક.: શ્રી કુમારપાળ મહારાજાની શોભાયાત્રા
દરબાર તથા કુમારપાળ મહારાજાના જીવનપર
આધારિત પ્રોગ્રામ (શ્રી નરેન્દ્રભાઈ નંદુ)

### ✣ તૃતીય દિવસ ✣

માગસર વદ અમાસ બુધવાર, તા. ૨૮.૧૨.૧૬
સવારે શુભ મુહૂર્તે : શ્રી ભક્તામર મહાપૂજન
બપોરના ૩ ક. : જિનવાણી વ્યાખ્યાન
રાત્રે ૮ ક.: પરમાત્મા ભક્તિ અને
શેઠશ્રી મોતીશા ના જીવન પર આધારિત
ધાર્મિક કાર્યક્રમ

### ✣ ચતુર્થ દિવસ ✣

પોષ સુદ ૧, ગુરૂવાર, તા. ૨૯.૧૨.૨૦૧૬
સવારે ૯ ક.: શ્રી સત્તરભેદી પૂજા તથા શુભ મુહૂર્તે ધ્વજારોહણ
બપોરના વિજય મુહૂર્તેઃ શ્રી ગૌતમસ્વામી મહાપૂજન
રાત્રે ૮ ક.: પરમાત્માની ભક્તિ ભાવના તથા અભિવાદન સમારોહ

### ✣ પંચમ દિવસ ✣

પોષ સુદ ૨, શુક્રવાર, તા. ૩૦.૧૨.૨૦૧૬
વહેલી સવારે : દ્વારોદ્ઘાટન
સવારે શુભ મુહૂર્તેઃ શ્રી લઘુશાંતિ સ્નાત્ર પૂજન
રાત્રે ૮ ક.: પરમાત્માની ભક્તિ તથા લોક ડાયરો - સંતવાણી

**તા.ક.: આ જાહેર આમંત્રણને પત્રિકા સમજી નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું આમંત્રણ પાઠીવીએ છીએ જે સહર્ષ સ્વીકારવા વિનંતી.**

✣ આયોજક - નિમંત્રક ✣

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલીયા**

ધર્મશાલા ફલિયા, નલીયા - કચ્છ, તા. અબડાસા, પીન-૩૭૦ ૬૫૫. ફોનઃ મહાજન ૦૨૮૩૧-૨૨૨૩૩૭ ● દેરાસર ૦૨૮૩૧-૨૨૨૩૨૭

UPASANA - 9820167767

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 42/2016

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## સમસ્ત મહાજને ૧૯૯૧ના સંમેલનના ઠરાવ પ્રમાણે સમુચિત વિચારસરણી ઘડવા પર વધારે મહત્વ આપવું રહ્યું.

સમસ્ત મહાજનની નવી મહાસમિતિ ટ્રસ્ટ બોર્ડ અને પદાધિકારીઓની નવી મુદત શરૂ થવાને સપ્ટેંબર માસના અંતમાં છ મહિના પૂરા થયા.

૧૯૯૧ માં યોજાયેલ ૩જા જ્ઞાતિ સંમેલન (જ્યાં સમસ્ત મહાજનનો ઉદ્‌ભવ થયો), તેનો ૧૩મો ઠરાવ જણાવે છે કે ''આ સંમેલન જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓના હેતુઓ, ઉપલબ્ધ ફંડો અને કાર્ય પદ્ધતિની માહિતી એકત્રિત કરી, જ્ઞાતિના સર્વાંગી વિકાસ અને ઉપરોક્ત વિવિધ સંસ્થાઓનો જ્ઞાતિ માટે વધારેમાં વધારે સારી રીતે ઉપયોગ થઈ શકે તે ઉદ્દેશથી સમુચિત વિચારસરણી ઘડવાનું અને એમની પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું ઠરાવે છે. આ હેતુની પૂર્તિ માટે જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓને સંપૂર્ણ સહકાર આપવા વિનંતિ કરે છે''.

બીજા શબ્દોમાં કહીએ તો ભારત સરકારનું આયોજન ખાતું જેમ સમસ્ત રાષ્ટ્રની માહિતી એકઠી કરી સમસ્ત રાષ્ટ્રનું દિશાસૂચક આયોજન કરે છે તેવી જ ભાવના અહીં રાખવામાં આવી છે અને બધી જ્ઞાતિ સંસ્થાઓને તેમાં સહકાર આપવાનો અનુરાધ કરાયો છે.

હકીકતમાં આજથી ૨૫ વર્ષ પહેલાંજ આવી વિચારસરણી ઘડાવી જઈતી હતી. તો જ્ઞાતિ સમગ્રના ભંડોળો અત્યારે જે રીતે વપરાયા છે તેનાથી ઘણા વધારે પ્રમાણમાં આયોજિત રીતે વપરાયા હોત. અન્ય સંસ્થાઓની વાત જવા દઈએ માત્ર અનંતનાથજી ટ્રસ્ટના ભંડોળો સમુચિત વિચારસરણી પ્રમાણે ટ્રસ્ટની બધી મિલકતોના સંતુલિત વિકાસ માટે વપરાયા હોત તો પણ અત્યારે છે તેવો સમસ્યાઓનો ઢગલો જ્ઞાતિ સમક્ષ ન હોત.

સમસ્ત મહાજનને પુનઃજીવિત કરાયું તે પછી તો આ કવાયત થવી જોઈતી હતી પણ તેને બદલે શિક્ષણ અને મેડિકલ સહાય બાબત વનવીંડો સીસ્ટમ લાવવાની વાત આજ ઠરાવના ગેરસમજભર્યા અર્થઘટનથી થઈ અને તે ગેરસમજ હજુ પણ કેવા કેવા રંગ દેખાડશે એ તો સમયજ જણાવશે.

સ્વાભાવિક રીતે આવી સમજ પ્રથમ મહાસમિતિ સ્તરે વિકસાવવાની હોય અને તે પછીજ ટ્રસ્ટબોર્ડ કે પદાધિકારીઓએ તેને અમલમાં મૂકતી પ્રવૃત્તિઓ કરવાની હોય.

બંધારણ પ્રમાણે સંમેલનના ઠરાવોનું મહાસમિતિ સ્તરે સમયોચિત મૂલ્યાંકન થાય અને સમુચિત વિચારસરણી ઘડાય ત્યાં સુધી ટ્રસ્ટ બોર્ડે બહુ ખાસ કાંઈ કરવાનું ન હોય.

ભૂતકાળના અનુભવો એવા છે કે મહાસિમિતિની સભાઓ તેની પાસેથી દિશા નિર્દેશિત મેળવવા કરતાં બંધારણ પ્રમાણે તે વર્ષે એકાદ વખત તો મળવી જ જોઈએ એવી ઔપચારિકતા નીભાવવા બોલાવાતી હોય છે. આને કારણે ટ્રસ્ટ બોર્ડમાં જેમની બહુમતી હોય અને જેમની લઘુમતી હોય અથવા જે સ્વતંત્રપણે વ્યક્તિગત મત ધરાવતા હોય તેમની સતત ટક્કર થયા કરે છે.

ગત મુદતમાં જ્યારે જ્યારે સંમેલનનો મુદ્દો ચર્ચાયો ત્યારે જ્ઞાતિ આગેવાનો અને પત્રકારોએ પણ કહ્યું સંમેલન સાધન છે સાધ્ય નહીં તે છતાં  હમણાં પણ તેને સાધન નહીં સાધ્ય માનનારાઓની વર્તમાન ટ્રસ્ટ બોર્ડમાં બહુમતી હોવાનું વર્તાય છે, જે વસ્તુસ્થિતિ કે માનસિકતામાંથી સર્વ સબંધિતો વેળાસર મુક્ત થશે તો જ નવું ટ્રસ્ટબોર્ડ પોતાની આશાજનક પ્રતિમા ઉભારી શકશે.

તાજેતરમાં મળેલ ટ્રસ્ટબોર્ડ ની બેઠકમાં શક્ય હોય તો સમસ્ત જ્ઞાતિને અને અશક્ય લાગે તો હોય તો ફક્ત જરૂરમંદોને જીવન-અકસ્માત-માંદગી વીમા છત્રમાં આવરી લેવાનું નક્કર કામ કર્યા બાદ ડિસેમ્બર ૨૦૧૭માં સંમેલન બોલાવવાની વિચારણા થઈ છે તે એક રીતે સારી વાત છે.

કેમકે સમસ્ત મહાજન માત્ર જરૂરતમંદોને જ વીમા છત્રમાં આવરી લેવા પૂરતું દાન મેળવવા ઝુંબેશ ચલાવે તો પણ તેમણે ૧૦૦૦૦ જેટલા ન આવરાયેલા જ્ઞાતિજનોને આવરી લેવા રૂા. ૪૦ લાખ જેટલી રકમ જમા કરવી પડે. જે સમસ્તની અત્યાર સુધીની પ્રતિકાત્મક અને મર્યાદિત પ્રવૃત્તિ જોતાં ઘણું મોટું આગેકદમ ગણાય.

જ્ઞાતિ હંમેશા આવા મહત્વાકાંક્ષી કાર્યક્રમો કરનારાઓની કસોટી કરતી આવે છે તે સાથે સહકાર પણ આપતી આવી છે.

આમ પણ જ્યારે સમસ્ત મહાજનના ટ્રસ્ટ બૉર્ડે જે જ્ઞાતિજનો વીમા છત્રમાં આવરાયેલા ન હોય તેમણે કાંતો અત્યારે અકસ્માત વીમામાં જેમ આખી નાત આવરાયેલી છે તેવી પોલીસી કઢાવવી પડશે અથવા બધા મહાજનોને સહકાર મેળવી વીમા છત્રમાં ન આવરાયેલાઓને અલગ તારવવા પડશે.

આખી જ્ઞાતિની સામૂહિક વીમા પોલીસી લેવી હોય તો સ્વાભાવિક રીતે ફક્ત જરૂરતમંદોની પોલીસી લેવાની હોય તેથી અનેકમણું પ્રીમીયમ ભરવું પડે. એટલે વ્યવહારુ વિકલ્પ મહાજનોની સહાયથી વીમા છત્રમાં ન આવરાયેલા જ્ઞાતિની યાદી તૈયાર કરવાનો અને જરૂર પડે તેમના ફોર્મ ભરાવવાનો રહે છે. એ દૃષ્ટિએ જોઈએ તો છેલ્લા જ્ઞાતિ સંમેલનના સમુચિત વિચારસરણી ઘડવા માટેના ઠરાવ માટે આવશ્ય માહિતી મંગાવવા માટેનો પણ આ યોગ્ય સમય છે.

એમ તો છેલ્લા વસતિપત્રકના ફોર્મ સાથે જે સ્વૈચ્છિક માહિતી માંગવામાં આવી હતી તેના આધારે વસતિપત્રક સમિતિ અને સંબંધિત મહાજનોનો સાથ લઈને આ કામ આસાનીથી કરી શકાય તેમ છે. એવું પણ શક્ય છે કે વસતિપત્રક સમિતિના સહકારથી સમસ્ત મહાજન વિવિધ વિસ્તારના જરૂરતમંદોની કાચી યાદી બનાવે અને પછી તેને સ્થાનિક મહાજનોના સહયોગથી પાકી બનાવે.

સમસ્ત મહાજને પોતાના ઘટક મહાજનોને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેવું પડશે કે જો તેઓ સહકાર નહીં આપે તો સમસ્ત મહાજને સંમેલનના ઠરાવના અમલીકરણ માટે તેમના ક્ષેત્રને લગતી બાબત માટે પોતાની યંત્રણાનો ઉપયોગ કરવો પડશે. જે સ્થિતિ બન્ને માટે અનિચ્છનીય ગણાશે માટે તેમણે સમગ્ર જ્ઞાતિના હિતમાં સંમેલનમાં પસાર થયેલ ઠરાવ પ્રમાણે સહકાર આપવો.

એક વખત સમુચિત ચિત્ર ઊભું થશે એ પછી અગ્રતાઓ નક્કી કરવાનું સહેલું બની જશે. એટલું જ નહીં દાતાઓ પણ સમગ્ર ચિત્રના ભાગરૂપે પોતાની ફરજ સમજી અગ્રતાઓ પૂરી પાડવા વધુ દાન આપવા પ્રેરાશે.

આ કામની આડઉપજ તરીકે કેટલા જ્ઞાતિજનો લાભકારી વ્યવસાયમાં છે, કેટલા નથી, નથી તેવાને વધુ લાભકારી ધંધામાં પલોટવાનું શક્ય છે કે નહીં, દેશમાં ગરીબોની સંખ્યા ઘટી રહી છે તે વાતના અનુસંધાનમાં જ્ઞાતિમાં જરૂરતમંદોની સંખ્યા ઘટી રહી છે કે નહીં અને જો તે પુરતા પ્રમાણમાં ન ઘટતી હોય તો તે સંબંધે શું કરવું એની યથાયોગ્ય વિચારણા થઈ શકશે.

આ કામ મોડામાં મોડું સંમેલનથી આઠ-દસ મહિના પહેલાં થઈ જાય તે ઈચ્છનીય જ નહીં, આવશ્યક પણ છે. એમ થશે તોજ સંમેલનમાં ભાવી આવશ્યકતાઓની અને પડકારોની તેમજ સંભવીત ઉત્તરોની યોગ્ય રજુઆત થઈ શકશે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી ક.દ.ઓ. મસ્જીદબંદર જૈન સંઘ, મુંબઇ**

**દ્વારા આયોજિત**






યંગસ્ટર તેમજ વડીલો માટે

# JAIN - FUN - FAIR
# ધાર્મિક આનંદ મેળો

સૂરિત્રયની કૃપાશિર્ષે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના ૫૦ વરસીતપ, પ.પૂ. સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૫૦માં વર્ષ નિમિત્તે પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૫ની શુભ નિશ્રામાં **'તા. ૨૫.૦૯.૨૦૧૬ ધાર્મિક આનંદ મેળા'ના સફળ આયોજન બાદ** ફરી એકવાર... યંગસ્ટર અને વડીલો માટે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાં અચલગચ્છના સર્વે જૈન સંઘ માટે ધાર્મિક આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. અચલગચ્છના કોઇપણ સભ્ય આમાં ભાગ લઇ શકે છે. ધાર્મિક જ્ઞાન સાથે ગમ્મત પામવા જરૂર થી પધારશોજી...

- **Snakes & Ladders (સાપસીડી) દ્વારા Moksh**
- **Karm Killer (Bowling Game) દ્વારા ૮ કર્મનો ક્ષય**
- **Prabhu Pooja by Magnet**
- **Moksh Ni Sawari (In 5 Steps & Get Moksh) etc.**
- **પ્રવેશ ફી રૂા.૫૦/- (વ્યક્તિ દીઠ) અનલિમિટેડ ગેમ્સ**

**રવિવાર, તા. ૨૦.૧૧.૨૦૧૬**
**બપોરે ૧:૦૦ કલાકે...**
**સ્થળ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન**
**દેરાસર ઉપાશ્રય**
**મસ્જીદ બંદર**

**આવી અવનવી વિવિધ ગેમો દ્વારા મેળવીએ ધાર્મિક જ્ઞાન અને માંડીએ પ્રભુ તરફ પા પા પગલી...**

| વય મર્યાદા | નોખી-અનોખી ધાર્મિક ગેમો રમાડશે |
|---|---|
| વય મર્યાદા ૨૧ વર્ષ અને તેથી ઉપર વયના માટે | શ્રી મહાવીર યુવા ગ્રુપ (પાર્લા) |

**ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**
**રજીસ્ટ્રેશન : ગુરૂવાર, તા. ૧૦.૧૧.૨૦૧૬ સુધી વહેલા તે પહેલાના ધોરણે**

| રજીસ્ટ્રેશન માટે સંપર્ક | | | |
|---|---|---|---|
| મુંબઇ મહાજન કાર્યાલય | : 022-23448274 | જસ્મીનબેન ધુલ્લા (થાણા) | : 09619074996 |
| ભાંડુપ કાર્યાલય | : 022-25951372 | શ્રી ચેતનકુમાર મોમાયા (ઘાટકોપર) | : 09324058414 |
| શ્રી હરીશ સાયલા (ડોંબિવલી) | : 9076452243 | મનિષાબેન લાલકા (મુલુન્ડ) | : 09820545734 |
| કલ્પનાબેન ધરમશી (વાશી) | : 9869121601 | જૈનિશ ધરમશી (વિદ્યાર્થી સંઘ) | : 09819471777 |

**ન કદી દીઠેલું, ન કદી માણેલું, ન કદી કરેલું, તો ચાલો સહુ તૈયાર થઇ જાવ જોવા, માણવા અને રમવા...**
**આજે જ રજીસ્ટ્રેશન કરાવો... વહેલા તે પહેલાના ધોરણે...**

# ક.દ.ઓ. મહાજનોમાં સર્જિકલ સ્ટ્રાઈક : મુખ્ય હોદ્દાઓ માટે બે મુદતની મર્યાદા હોવી જોઈએ ?

– **પ્રવીણ લોડાયા** (વડોદરા)

મુંબઈના ક.દ.ઓ. મહાજનનું બંધારણ લગભગ ૧૨૦ વર્ષ પહેલાં (ઇ.સ. ૧૮૯૫)માં તૈયાર કરવામાં આવ્યુ છે. એમ તો પટેલ શાહી અને શેઠીયા શાહીમાંથી બહાર આવવાના પ્રયત્નો એથી ય દસ વર્ષ પહેલાંથી જ શરૂ થઈ ગયા હતા. જ્ઞાતિનો વહીવટ કોઈ પટેલો કે શેઠની ઈચ્છા પ્રમાણે નહીં પણ નિયમસર ચાલવો જોઈએ એવાં બંધારણ આપણા પ્રતાપી પૂર્વજની આર્ષદૃષ્ટિ, કાબેલિયતની આ મહાન જ્ઞાતિને મળેલ અમુલ્ય ભેટ હતી.

ભારતભરમાં વસતી હજારો જ્ઞાતિઓમાં આપણે બંધારણાને આધારે નિયમ સરનો વહીવટ આપવામાં અગ્રેસર હતા. ઘણી જ્ઞાતિઓએ આપણા બંધારણથી પ્રેરણા લઈને પોતાના બંધારણ ઘડ્યા હતા. જેમાં મુંબઈમાં વસતી ભાટિયા કોમ એક હતી.

ભારતનું બંધારણ ડૉ. આંબેડકર અને એમના સાથીઓએ બનાવ્યું છે. આ બંધારણ વિશ્વભરમાં વખણાયું છે. ઘણા દેશોએ આમાંથી પ્રેરણા લીધી છે અને પોતાના બંધારણ ઘડ્યા છે.

પરિવર્તન એ સંસારનો નિયમ છે. એ મુજબ દરેક વસ્તુમાં ફેરફાર થાય તે કુદરતનો નિયમ છે. એ નિયમને અનુસરીને આપણી સંસદે પણ વખતો વખત આમાં સુધારા કર્યા છે. સંસદમાં થતી ચર્ચાઓ અત્યારે પણ આપણે ટીવીમાં જોઈ રહ્યા છીએ. આપણે સાંભળી રહ્યા છીએ.

હવે આપણી જ્ઞાતિ તરફ એક નજર રાખીએ, એનું અવલોકન કરીએ. આઝાદી પછી જ્ઞાતિમાં ત્રણ-ત્રણ સમ્મેલનો થયા. ઘણા ઠરાવો થયા. ઘણા સુંદર કાર્યો થયા. રહેઠાણ માટે ઘર બંધાયા. શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓ બની, આર્થિક વ્યવહારો માટે અરિહંત બેન્ક બની. ધાર્મિક પ્રવૃત્તિઓ માટે દેરાસર – અપાસરા બંધાયા. અનેક સારી સારી પ્રવૃત્તિઓ થઈ જેના માટે આપણે ગૌરવ લઈ શકીએ, અભિમાન લઈ શકીએ.

આજે પણ ભારતની સમગ્ર જ્ઞાતિઓમાં આપણે ઉચ્ચ સ્થાને બીરાજીએ છીએ. ૨૧મી સદી સુધી આપણે જ્ઞાતિને દોરી આવ્યા છીએ. ભવિષ્યમાં જિનશાસન દેવની કૃપાથી આપણી જ્ઞાતિ આગેકુચ કરતી રહેશે એવી આશા સ્થાને નથી.

જ્ઞાતિ ભણતરમાં ઘણી આગળ નિકળી ગઈ છે. સીએમાં તો મારા ખ્યાલે બધી જ્ઞાતિઓમાં બીજા નંબરે પહોંચી ગયા છીએ. પ્રથમ નંબર આપણા માટે દૂર નથી. ડૉક્ટરો, ઈજીનીયરો ટેકનોક્રેટ પણ ઢગલાબંધ તૈયાર થઈ રહ્યા છે. નાસામાં પણ આપણા બે-ત્રણ વિદ્યાર્થીઓ પહોંચી ગયા છે. તેઓ બધા અત્યારે લો-પ્રોફાઈલમાં છે.

મેં જે અભ્યાસ કર્યો છે તે મુજબ ભારતભરના આપણા ૧૦૦થી વધુ મહાજન છે તે ૫ એકમ છે દરેકમાં નજર કરીએ તો દૃશ્ય સ્પષ્ટ દેખાય છે. હું જ્યારે ૨૫ વર્ષ પહેલા ગામેગામ ગયો હોઈશ અને આજે પણ જાઉં છું ત્યારે મોટા ભાગના મહાજનોમાં એ જ કરમશીભાઈ, એ જ દામજીભાઈ કે એ જ ખેતશીભાઈ મહાજનના પ્રમુખ તરીકે બેઠા છે અથવા સર્વ સત્તાધિશ બનીને બિરાજયા છે.

પછી આપણે કહીએ છીએ કે યુવાનો મહાજનોથી દૂર જતા રહ્યા છે. દેરાસરજીના કાર્યોમાં એમની હાજરી હોતી નથી. યુવાનો લગ્ન પ્રસંગોમાં દેખાય છે, બીજા ફંકશનોમાં દેખાય છે... કલબોમાં જાય છે... બીજી સંસ્થાઓમાં જાય છે. દા.ત. રોટરી, લાયન્સ, જૈન સોશિયલ ગ્રુપ અથવા આવી અનેક સંસ્થાઓમાં જાય છે. છોકરાઓ બગડી ગયા છે.

અરે, છોકરાઓ બગડ્યા નથી તમેજ એમને એ રસ્તે ધકેલ્યા છે. કારણ કે તમને ખુરશીઓ છોડવી નથી. છોકરાઓને આગળ આવવા દેવા નથી. પછી એ લોકો જાય ક્યાં ?

શું તેઓ સામાન્ય કાર્યકર તરીકે જ જીવનભર રહે ? ખુરશીઓ ગોઠવ્યા કરે, શતરંજીઓ પાથર્યા કરે કે પર્યુષણમાં થાળીઓ લગાવીને પીરસણીયા થઈને પિરસ્યા કરે ?

હમણાં એક મહાજનમાં ૪૦/૪૦ વર્ષોથી સત્તા ભોગવી રહેલ સત્તા ટકાવી રાખવા સરાસર ખોટું બોલ્યા... સહાનુભુતિ મળી રહે એ માટે અને જેમના હૃદયમાં જ્ઞાતિ હિત

અનુસંધાન પાના નં. ૧૩ પર

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
દિવાળી સુધી રવિવારે પણ ચાલુ

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪



## સામુહિક વર્ષીતપની ઉત્કૃષ્ટ તપારાધના

**વિ.સં. ૨૦૭૨-૨૦૭૩, ઈ.સ. ૨૦૧૬-૨૦૧૭**

**પાવન પ્રસંગ નિમિત્ત**

કચ્છ ભદ્રેશ્વરતીર્થોધારક, તપસ્વીરત્ન, સંઘસિરછત્ર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સુવર્ણ પચાસમાં વર્ષીતપ નિમિત્તે જોડાયેલા સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના સમગ્ર જ્ઞાતિના વર્ષીતપના આરાધકો માટેનો

## માહિતી પત્રક

ક્રમાંક :

તપસ્વીનું નામ : ........................................

ગામ : ........................................ વય : ..........

સરનામું : ........................................

........................................

........................................

ફોન .................... ઘર ....................

મોબાઈલ .................... ઈ-મેલ ....................

પૂર્વે વર્ષીતપ કરેલ છે ? હા / ના આરાધકની સહી ....................

**તા.ક.:** આ પ્રકાશિત થયેલ ફોર્મ અથવા ઝેરોક્ષ (નકલ) કરીને પણ ફોર્મ ભરી શકાશે. આ ફોર્મ ભરીને પરત આપવાની છેલ્લી તા. ૩૧/૧૨/૨૦૧૬ છે. **ફોર્મ આપવાનો સ્થળ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના કાર્યાલયમાં જમા કરવા.

---

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

આયોજીત **૭૭મો સમૂહ લગ્ન મહોત્સવ**

**મહા સુદ ૯ રવિવાર, તા. ૦૫-૦૨-૨૦૧૭**

**લગ્નમાં જોડાવવા ઈચ્છુકે**

**તા. ૧૫-૧૨-૨૦૧૬ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.**

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ ● શ્રી અનંતનાથજી જિનાલય**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**SMS તથા વેબસાઈટ**

મહાજનશ્રીના SMS મેમ્બર બનવા

**9220092200** ઉપર

**JOIN KDOS** લખી મેમ્બર બનવા

છોડવા માટે **LEAVE KDOS**

સંપર્ક : **અમિત ધુલ્લા - 099309 22366**

૧લી એપ્રિલ ૨૦૧૬થી નવું નાણાકીય વર્ષ શરૂ થયું છે.

**નૈતિક ફરજ : લાગા / રોલ પત્રક**

મહાજનશ્રીના લાગા આજે જ કાર્યાલયે ભરી જવા નમ્ર વિનંતી.

(એક સાથે ૫ વર્ષના લાગા ભરવાની સગવડ)

સંપર્ક : મુંબઈ મહાજન કાર્યાલય સમય

**કાર્યાલય સમય : સોમવાર થી શનિવાર બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ - ભાંડુપ
# કરે ખૂબ ખૂબ અનુમોદના

**''દાનવીર દાતાઓએ વરસાવી દાનની રાશી, જામનગર સંઘના ઉપાશ્રયને શુભ આશી,**
**સંપથી લાભ લીધા ને સંઘ જરૂર પહોંચશે કાશી, સુકૃતના કાર્યોથી મીટશે ભવ ભ્રમણા ચોર્યાશી''.**



અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુંવર્તીની મીતભાષી **પ.પૂ.સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા.**ના સદ્‌ઉપદેશથી શ્રી જામનગર અચલગચ્છ જૈન સંઘના ઉપાશ્રયના નુતનીકરણના **રૂા. ૫૦૦૦/-** નો એક કુપનમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલી :

| | |
|---|---|
| **શ્રીમતી મધુરીબેન લહેરચંદ ડાઘા** | - વરાડીયા |
| **માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા** | - બાંઢિયા |
| **માતુશ્રી વીણાબેન વિનોદ પોલડીયા** | - રંગપુર |
| **શ્રીમતી પુષ્પાબેન મણીલાલ પદમશી લોડાયા** | - સાંયરા |
| **શ્રીમતી નિર્મલાબેન પ્રફુલ ધનજી લોડાયા** | - મંજલ રેલડીયા |
| **માતુશ્રી રતનબેન હિરાલાલ પદમશી લોડાયા** | - સાંધવ |
| **માતુશ્રી હિમાબેન મુલચંદ લોડાયા** | - વારાપધર |
| **માતુશ્રી પુષ્પાબેન નલિન શીવજી ખોના** | - રંગપુર |
| **શ્રી ભાગ્ય પંકજ ગોસર** | - ગોએરસમા |
| **શ્રી દિશાંક ભાવેશ નવિનચંદ્ર વોરા** | - ગોએરસમા |
| **શ્રીમતી તરલાબેન તારાચંદ મોતા** | - રાપરગઢવારી |
| **માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા** | - રવા |
| **માતુશ્રી નિર્મળાબેન દામજી હંસરાજ ગાલા** | - કોટડી મહાદેવપુરી |
| **માતુશ્રી જમકુબેન ઉમરશી ખેતશી નાગડા** | - નલિયા |
| **માતુશ્રી તારાબેન નવિનચંદ્ર કલ્યાણજી છેડા** | - વારાપધર |
| **માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા** | - રાપરગઢવારી |
| **અ.સૌ. પીન્કીબેન કમલેશ ધરમશી** | - જસાપર |
| **માતુશ્રી જવેરબેન પદમશી કલ્યાણજી ખોના** | - સાંધવ |
| **શ્રી ઉમંગ - વિપુલ - કવિન** હસ્તે **બિજલ અમીત ડાઘા** | - વરાડીયા |
| **માતુશ્રી રમીલાબેન દિનેશ વસનજી દંડ** | - સાંધવ |

શ્રી સંઘના પરિવારોમાં રહેલી દેવગુરૂધર્મ પ્રત્યેની ભાવનાના કારણે આવા સુકૃત થતા રહ્યા છે. શ્રી સંઘ સર્વે ઉદારશીલ દાતઓની અનુમાદના કરે છે. તથા આભાર વ્યક્ત કરે છે.

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ - ભાંડુપ**

ARE YOU A

**NISM or MCCP**

Certified Dealer for Dealing on

BSE NSE OR MCX

Still Working with Franchisee or a Sub Broker ??

EXCELLENT OPENINGS

TO TAKE YOUR CAREER TO THE NEXT LEVEL

NSE BSE OR MCX

Interested Candidates send their CV at

jobs@dharamshi.net

SHRI KUTCH SANDHAN SHANTINATHJI JAIN DERASARJI AND SADHARAN FUNDS TRUST FUND.
**શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી અને તેનાં સાધારણ ખાતાનું ટ્રસ્ટ ફંડ.**
(રજી નં.: A 1093)
સાંધાણ તીર્થ (કચ્છ), તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૪૯૦. ફોન : ૦૨૮૩૧ - ૨૮૩ ૨૪૩.

# સાંધાણમાં પર્યુષણ અહેવાલ

કચ્છ અબડાસાની મોટી પંચતિર્થિનું પ્રવેશ દ્વાર એવા શ્રી સાંધાણ તીર્થ મધ્યે પર્યુષણ મહાપર્વની આરાધનામય ઉજવણી શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠ તરફથી આવેલ આરાધક બહેનો **૧. લક્ષ્મીબેન મુલચંદ ફુરીયા** (મેરાઉ-થાણા) તથા **૨. કુ. સ્નેહા હેમચંદ દેઢિયા** (ગઢશીશા-મુલુંડ)ની નિશ્રામાં ખૂબ જ રૂડી રીતે આનંદથી કરવામાં આવી.

શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી અને નીચે જણાવેલ દાતાઓના ઉદાર સહયોગથી માદરે વતન સાંધાણ ગામે સંઘ રૂપે ૫૦ જણાં પધાર્યા. ભાદરવા સુદ એકમના બીજા ૨૦ સભ્યો ગામમાં પધારતા સ્થાનિકો સહિત લગભગ ૮૦ સભ્યોએ પર્વની આરાધનામય ઉજવણીમાં ભાગ લીધેલ.

**૧. મુંબઇ થી સાંધાણ ગામે જવા ટ્રેનની ટીકીટના દાતાઓઃ**

અ. **માતુશ્રી મધુરીબેન સૂર્યકાંત ધરમશી** હસ્તે **નિલેશભાઇ, ભાવેશભાઇ** તથા **ધનેશભાઇ**

બ. **માતુશ્રી સોનલબેન કુલીનકાંત પટેલ (નાગડા)**

**૨. જવાની ટ્રેનમાં નાસ્તા તથા જમણના દાતાઃ**

અ. **માતુશ્રી દેવકાંબાઇ શામજી લોડાયા** હસ્તે **ઉત્તમભાઇ** તથા **રાયચંદભાઇ**

**૩. સાંધાણ થી મુંબઇ પરત આવવા ટ્રેન ટીકીટના દાતાઓઃ**

અ. **માતુશ્રી મણીબાઇ ડુંગરશી ધરમશી** હસ્તે **દિનેશભાઇ ધરમશી**

બ. **એક સદ્‌ગૃહસ્થ** હસ્તે **કીર્તીભાઇ ધરમશી**

**૪. પરત આવવાની ટ્રેનમાં નાસ્તા તથા જમણના દાતાઃ**

અ. **માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી** (બારસી)

બ. **શ્રી દિનેશભાઇ** તથા **શ્રી કિર્તીભાઇ ધરમશી**

શ્રી સાંધાણ સંઘ શ્રાવણ વદ બારસના સાંધાણ ગામે પધારતાં ગામવાસીઓએ વાજતે ગાજતે સ્વાગત કરેલ. રાત્રે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી. શ્રી કલ્પસુત્ર (પોથી) ૭૦૦૨ મણમાં માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી - રંગપુર પરિવારે પધરાવેલ. શ્રાવણ વદ અમાસના વ્યાખ્યાન પછી પોથી શ્રી કિર્તીભાઇ વેલજી ધરમશીના ઘરે પધરાવવામાં આવી. રાત્રી જાગરણમાં ડુમરા થી આવેલ ગાયીકા રાજેશ્વરી ગઢવી તેની મંડળી સાથે પધારી પ્રભુભાવનામાં રમઝટ જમાવેલ. ભાદરવા સુદ એકમના બપોરે ૩.૩૦ વાગે પોથીના વરઘોડામાં લાભાર્થી પરિવાર એક ઘોડાની બગીમાં પોથી ખોળામાં લઇ ગામમાં ફરી વરઘોડો ઉપાશ્રયમાં પૂર્ણ થયેલ.

ભાદરવા સુદ બીજના બપોરે ૩.૩૦ વાગે સ્વપ્ન દર્શનમાં માતુશ્રી મધૂરીબેન સૂર્યકાંત ધરમશી પરિવારે મહાલક્ષ્મી માતા ૨૫૦૦૧ મણમાં જુલાવેલ તથા ૨૬૦૦૦ મણમાં પધારાવેલ. સ્વપ્ન વહાણ ૩૩૩૩૩ મણમાં માતુશ્રી સોનલબેન કુલીનકાંત પટેલ પરિવારે જુલાવેલ તથા ૨૦૧૦૦ મણમાં માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી - રંગપુર પરિવારે પધરાવેલ. પ્રભુજીનું પારણું ૧૦૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી - બારસીવાલા પરિવારે પધરાવેલ. સ્વપ્નાનું કુલ ધૃત ૨૧૫૬૫૦ મણ થયેલ તથા પર્યુષણ પર્વનું કુલ ધૃત ૨૬૩૩૨૨ મણ થયેલ.

ભાદરવા સુદ ૫ ની સવારે પાંચ જ્ઞાન પૂજન, બારસા સૂત્ર વાંચન પછી ચૈત્ય પરિપાટી, સાંજે સાવંત્સરીક પ્રતિક્રમણ તથા રાત્રે સર્વે નવ ટુંકની આંગીની આરતીઓ ઉતારવામાં આવી. ભાદરવા સુદ ૬ ના સવારે ૬.૦૦ વાગે દ્વારોધગાટન, ૯.૦૦ વાગે સમુહ ક્ષમાપના, તિર્થસ્થાપક શ્રી માડણ તેજશી ધુલ્લાની છબીને હાર પહેરાવવાનું, નીચે જણાવેલ તપસ્વીઓની અનુમોદના તથા પર્વ નિમિત્તે સ્ટાફ બક્ષિસ વગેરેનો કાર્યક્રમ હતો.

**૧) વરસીતપ :** તપસ્વીઓ : શ્રી વિપુલ લાલજી ધરમશી ૨) શ્રીમતી ડિમ્પલ વિપુલ ધરમશી ૩) બેન લક્ષ્મીબેન મુલચંદ ફુરીયા ૪) કુમારી સ્નેહા હેમચંદ દેઢિયા

**સોળ ઉપવાસ :** શ્રીમતી પ્રફુલ્લા ભરત લોડાયા

**દોઢમાસના એકાસણા :** ૧. માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી ૨. શ્રીમતી કમળાબેન ગુલાબભાઇ ધરમશી

ભાદરવા સુદ ૭ ને દિવસે ૫૫ જણા ચૈત્ય પરિપાટી માટે રવાના થયા જેના આયોજક દાતા માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી બારસીવાળા પરિવાર હતા. પ્રથમ ડુમરા પછી

## સાંધાણમાં પર્યુષણ અહેવાલ

દેઢિયા દર્શન વંદન કરી બાયઠ ગામમાં બપોરના જમણનો લાભ લીધો. ત્યાંથી ડોણ દેરાસર, આયુમાતા મંદિર, ગોધરા-અંબેમાતા મંદિર અને શિવમસ્તુ દેરાસર દર્શન કરી, માંડવી લક્ષ્મી વિલાસ મહેલ જોઇ માંડવી ચોપાટી દરિયા કિનારે સર્વે આવ્યા. ત્યાં રેતી, પાણી તથા ખાણી-પીણીનો આનંદ લઇ બૌતેર જીનાલય પધાર્યા. મુંબઇ જવાવાળા ત્યાંથી ભુજ તરફ અને બાકીના સાંધાણ પરત આવ્યા. આ ચૈત્ય પરિપાટી ખૂબ જ યાદગાર રહેશે તથા આયોજક દાતા પરિવારનો આભાર માનવામાં આવેલ.

આ પર્યુષણ મહાપર્વની જોરદાર ઉજવણી કરવાની અને સંઘ રૂપે માદરે વતન સાંધાણ લઇ જવાની યોજનાનો મુખ્ય શ્રેય શ્રી નિલેશ સૂર્યકાંત ધરમશી તથા શ્રી ભદ્રીચંદ ગોવિંદજી પટેલને જાય છે. આની પૂર્વ તૈયારી માટે તેમણે જુદા જુદા દાતાઓ ભેગા કર્યા. પર્વ દરમ્યાન આરાધના કરાવવા કોઇ સાધુ સાધ્વી અથવા વિદ્યાપીઠમાંથી કોઇ જ્ઞાની આરાધક મળી જાય તેની શોધખોળ આદરી અને આવેલ આરાધક બહેનોની નિશ્રામાં પર્યુષણ પર્વ ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવાઇ.

પર્યુષણપર્વ ઉજવવા બીજા ગામોમાંથી શ્રાવક/શ્રાવિકાઓ અત્રે સાંધાણ ગામમાં પધારી ઉત્સાહપૂર્વક ઉજવણીમાં ભાગ લીધો તે બદલ શ્રી સાંધાણ જૈન મહાજન તેમનો ખૂબ ખૂબ આભાર માની ફરીથી સાંધાણ ગામમાં પધારવા વિનંતી કરે છે.

સાંધાણ મધ્યે મહાજનવાડી અંદર આવેલ ભોજનશાળાને નામ આપવાની શરતે એક દાતા તરફથી રૂા.૩.૫૧ લાખની ઓફર આવેલ તે ઉપર બીજી કોઇ ઓફર ન આવતાં તેમની ઓફરને પર્યુષણ પર્વ દરમ્યાન આદેશ આપવામાં આવેલ તે ઓફર માતુશ્રી હીરબાઇ દામજી પાસુભાઇ ધરમશી (બારસીવાલા) હસ્તે શ્રી વિપૂલભાઇ લાલજી ધરમશી તરફથી આવેલ હતી. તેમણે પોતાની ઓફરને આદેશ મળ્યા પછી બીજા રૂા. ૧.૦૦ લાખ ઓફરમાં વધારી કુલ રૂા. ૪.૫૧ લાખની ચૂકવણી કરેલ છે. તેમના તરફથી ભોજનશાળાને ''**માતુશ્રી હીરબાઇ દામજી પાસુભાઇ ધરમશી (બારસીવાલા) ભોજનશાળા**'' નામ આપવામાં આવેલ છે.

તેઓ તરફથી ભોજનશાળાને રીપેરીંગ તથા રંગકામ કરી આપવાનું નક્કી કરેલ છે. તેમનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ છે.

---

।। શ્રી અંબા માતાય નમઃ ।।

## સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનાં છેડા ગોત્રનાં કુળદેવી શ્રી અંબામાતાની સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે આ વર્ષની સમુહ પહેડીનું આયોજન સંવત ૨૦૭૩ કારતક વદ ૧૦ને રવિવાર, તા. ૨૭/૧૧/૨૦૧૬ના શુભ દિને કરવામાં આવેલ છે.

**આ પ્રસંગે સર્વે છેડા ગોત્રનાં ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.**

**કાર્યક્રમની આછી રૂપરેખા**

| | | |
|---|---|---|
| **માતાજીની છબીની સ્થાપના** | - | સવારના ૯.૦૧ |
| **ભક્તિ સંગીત** | - | સવારના ૯.૧૫ |
| **પહેડી પ્રસાદ** | - | બપોરના ૧.૧૫ |
| **ઉથાપન વિધિ** | - | બપોરના ૨.૩૦ |

**-ઃ શુભ સ્થળ ઃ-**

સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

---


**આપનું બજેટ મોટું હોય કે નાનું,**
**અમારી આત્મીયતા ભરી સેવાથી પ્રસંગ શોભશે મજાનું !**

**આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ**

**Iris Banquette**

Ideal For :
- ENGAGEMENT
- WEDDING
- BABY SHOWER
- CONFERENCE
- GET TOGETHER
- MEETING - SEMINAR &
- ALL JOYOUS OCCASION

- સગપણ વિધિ
- લગ્નોત્સવ
- શ્રીમંત પ્રસંગ
- કોન્ફરન્સ
- ગેટટુગેધર
- મિટીંગ - સેમિનાર

**બધા શુભપ્રસંગો માટે આદર્શ**

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**મર્યાદિત બજેટવાળા સંકોચ રાખશો નહીં**

# શ્રી ક.દ.ઓ. બાયઠવાસીઓ જોગ

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ
## તથા
## બાયઠ કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ

તા. ૩-૧૦-૨૦૧૬

માનનીય સભ્યશ્રી,

ઉપરોક્ત સંસ્થાઓની સામાન્ય સભા રવિવાર તા. ૨૫-૧૨-૨૦૧૬ના સાંજના ૪ કલાકે પ્રમુખશ્રી ઠાકરશી ગોસરના પ્રમુખ પદે મળશે. જેમાં નીચે પ્રમાણે કાર્યવાહી થશે. આપ સૌને હાજર રહેવા નમ્ર વિનંતી.

**સભાનું સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ એસી હૉલ,**

એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**એજન્ડા : (કાર્યસૂચિ)**

૧. ગત તા. ૧૭-૧-૨૦૧૬ની મીટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી.

૨. પ.પૂ.સાધ્વીશ્રી હિત પ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાનું સંવત-૨૦૭૨ના યાદગાર ચાર્તુમાસ તથા પર્વાધિરાજ પર્યુષણ પર્વની વિગતવાર રજુઆત.

૩. વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૩૧-૦૩-૨૦૧૭ના પૂર થતી હોવાથી અગામી તા. ૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીના કાર્યકાલ માટે ટ્રસ્ટ બોર્ડની રચના કરવાની હોવાથી રજુઆત કરવી.
આગામી પાંચ વરસના કાર્યકાલ માટે ટ્રસ્ટ બોર્ડમાં કાર્ય કરવાની ઈચ્છા ધરાવનારાઓએ પોતાની ઈચ્છા દર્શાવતો પત્ર તા. ૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં ઓફીસમાં મોકલવા નમ્ર વિનંતી કે જેથી આ સભામાંજ નવરચીત ટ્રસ્ટ બોર્ડની કાર્યવાહી પુરી કરી શકાય.

૪. મહાજનવાડીનું સમારકામ થયેલ હોવાથી રજુઆત કરવી.

૫. સંવત ૨૦૭૨ના યાદગાર ચાર્તુમાસના દાતાશ્રીઓ તથા ત્રિહાન્હિકા મહોત્સવના લાભાર્થી પરિવાર તથા ભોજનાલય સંભાળનારનું તથા સ્ટાફનું બહુમાન તથા ચાર્તુમાસ યાદગાર સંભારણા બુકનું વિમોચન આ સભા પુર્ણ થયા બાદ આજ સ્થળે યોજનાર સ્નેહ સંમેલનમાં કરવામાં આવશે. તેની રજુઆત કરવી.

૬. તા. ૪-૨-૨૦૧૭ થી તા. ૬-૨-૨૦૧૭ દરમ્યાન મહાવીર સ્વામી જિનાલયની ૬૭મી વર્ષગાઠ નિમિતે ધજા/ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન કરવા બાબત રજુઆત તથા ચડાવાનો આદેશ.

૭. પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે.

**તા.ક.:** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ સ્થળે અડધા કલાક પછી મળશે. તે સભા કાયદેસર ગણાશે.

આપના ભવદીપ

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા • શ્રી ધનરાજ વેલજી પોલડીયા**

**માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

## વિશેષ આમંત્રણ

**બાયઠ (ક.દ.ઓ. - ક.વી.ઓ) જૈન સંઘના સ્નેહ સંમેલનમાં સૌ બાયઠ વાસીઓ તથા નિયાણી બહેનાને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.**

સરનામું : શેઠશ્રી નરશીનાથા સભાગૃહ એસી હૉલ, એલ.બી.એસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૬ • સમય : સાંજના ૫.૩૦ થી ૯.૩૦**

લી. **શ્રી ઠાકરશી મેઘજી ગોસર, પ્રમુખ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ**

**શ્રી રમેશ તેજસી છેડા, પ્રમુખ ક.વી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ**

## મહાજન સર્જીકલ સ્ટ્રાઈક

પાના નં. ૬થી ચાલુ

નથી પણ એક બીજાના ટાંટિયા ખેચવામાં રસ છે... સારા લાકો પ્રત્યે પૂર્વગ્રહ છે... એમણે એમને ફરી ખુરશી પર બેસાડ્યા ! આંખે દેખાતું ન હોય, કાને સંભળાતું ન હોય છતાં સત્તા છોડવી નથી છે તે વિધિની વિચિત્રતા.

થોડા વખત પહેલાં, જે ૪૦/૪૦ વર્ષોથી સત્તા છોડતા નથી તેમનો ધૃતરાષ્ટ્ર તરીકે ઉલ્લેખ કરીને એક નનામા પત્રમાં તેમને ઉલ્લેખીને સત્તાનો મોહ છોડવા અપીલ થઈ હતી. હવે બહુ થયું. પરંતુ એ જ લોકોએ જનરલ સભામાં એમને ટેકા આપીને ફરી બેસાડ્યા. નવાઈની વાત એ છે કે કારોબારીમાં એમણે જ કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં કારોબારીએ શું કર્યું તેની મને ખબર નથી, કોઈ મારું સાંભળતું નથી... મને કોઈ માન આપતું નથી !

એટલેજ મેં સર્જીકલ સ્ટ્રાઈકનું મથાળું બાંધ્યું. અમેરિકામાં મહાન પ્રમુખો થઈ ગયા. જ્યોર્જ વૉશિંગ્ટન, અબ્રાહમ લીંકન, જોન કેનડી છેલ્લે છેલ્લે બુશ ને ઓબામા (નોબલ વિજેતા) છતાં ૪/૪ વર્ષના ૨ ટર્મ ભોગવીને તેમને જવું પડે છે. ભલે એ મોટો ચમરબંધી કેમ ન હોય.

સમસ્ત મહાજનને મારી અપીલ છે ભલે ૫/૫ વર્ષના બે ટર્મ બધા મહાજન રાખે પછી માનભેર વિદાય થાય. હા, પણ સમસ્ત મહાજનોના પદાધિકારીઓને જ સત્તા છોડવી ના હોય તો....

## પુસ્તક વાંચો અને લાંબુ જીવો




મુંબઈ સમાચાર સાપ્તાહિકની દિ. ૪ સપ્ટેમ્બરની ઉત્સવપૂર્તિમાં અમેરિકાની પ્રતિષ્ઠિત પેયેલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક સંશોધકોનું તારણ પ્રગટ થયું છે કે જે લોકો પુસ્તકો વાંચે છે તેઓ લાંબું જીવે છે.

અહેવાલ વાંચી ઘડીભર દંગ થઈ ગયો. કોઠારાના માતૃતુલ્ય સ્વ. હીરબાઈ નરશી ભારમલ પટેલ (લોડાયા)નો મુખારવિંદ નજર સામે આવી ઊભો. પુસ્તક વાંચન તેમનો શોખ જ નહિ પણ કહો કે જીવનશૈલીનું એક આગવું પણ અનિવાર્ય અંગ બની ગયું હતું.

આજીવન વતનને પહાલું કર્યું. ચાર ચાર પેઢીના કળશી કુટુંબના મોભી થવાનું પુણ્ય ઉપાર્જન કર્યું. ખેતીવાડી, દૂઝાણા, વ્યવહારિક કામ અને રોજિંદી ઘટમાળને પાર પાડી રાતના સૂતા પહેલાં વાંચનનો મહાવરો અસ્ખલિત ચાલુ રાખ્યો. ઐતિહાસિક સાહિત્યમાં અવ્વલ રૂચિ. યાદશક્તિ પણ અનન્ય. ઈતિહાસની નાની મોટી બીનાઓ રસપૂર્વક કહી સંભળાવે અને દાખલા દલીલમાં અચૂક પુસ્તકોના સંદર્ભે ટાંકતા રહે. તેમની સિધ્ધિ ઉપર વારી જવાયા વિના રહેવાય નહિ!

## કોટિ કોટિ અભિનંદન

સાચેજ લાખણિયાના સુશ્રાવક ધારશીભાઈ દેવજી મોતાના ભાર્યા, માતુશ્રી જેઠીભાઈએ શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા જેવા અવિરત દાનવીરને જન્મ આપ્યો અને કચ્છના હેરીટેજ ગામ અને અબડાસાની પંચ તીર્થી પૈકી એક તેરા ગામે ‘રાજલક્ષ્મી વાત્સલ્યધામ’ નિર્માણ થયું. અને શુભ ઘડીએ તેરા જ્ઞાતિ મહાજનને અર્પણ થયું. ઐતિહાસિક બીનાના મૂળ આધાર અને સામાજીક હિત દ્રષ્ટા શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા અને તેમના સમસ્ત પરિવારને કોટિ કોટિ અભિનંદન.

## અભિનંદનના અધિકારી કચ્છી કવિ!

કવિ શ્રી રશ્મિન ખોનાએ, કચ્છી કવિતાના ક્ષેત્રે તાજોતરમાં ૫૦ વર્ષ પૂરાં કર્યા છે. કવિ રશ્મિન ખોનાએ કચ્છી કાવ્યના આરંભમાં વેલાને ઊંચે ચઢવા વાડ સમાન ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા અને માજી તંત્રી શ્રી સનત્ શાહના પ્રોત્સાહન અને સતત પીઠબળને જાહેરમાં યાદ કરી પોતાની નમ્રતા અને સંસ્કારિતાને પ્રદર્શિત કરી છે. આગવી સિધ્ધિ માટે કસાયેલ કચ્છી કવિ શ્રી રશ્મિન ખોનાએ હાર્દિક અભિનંદન. ઈચ્છીએ કે કવિ, દીર્ઘાયુ સાથે કવિતા ક્ષેત્રે ખેડાણ અવિરત ચાલુ રાખી કચ્છી કવિતાઓ પીરસતા રહે.

**– કાંતિલાલ કેશવજી મોતા**


**MARRIAGE PROPOSAL**

**Chintan Jithendra Dharamshi**
B.Tech Engineering in Computer Science

Residing in Cochin ( Kerala ), Unmarried, Height - 5ft .9 inch, Weight - 65 kg, Handsome, Well Settled Family, Job in U.S (Texus ).

**Seeking Unmarried Female**
Contact :

**Manish Sonawala** ( Mumbai ) - **9833240493**
**Jithendra** - **9388857123**
**Lata Jithendra** - **9349060741**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## જ્ઞાતિના દીકરીને શ્રીમતી પુષ્પાબેનને કર્ણાટક રાજ્ય સ્તરીય ઉત્તમ શિક્ષિકા પદવી



ગદગના (સ્વ.) શાંતિલાલ મેઘજી ધરમશીના સુપુત્રી તેમજ ૩૨ વર્ષથી રેવણ સિધ્ધેશ્વર સંયુક્ત પદવી પૂર્વ કોલેજ હોસકોટી (બેલગામ જિલ્લો)માં સેવા આપતા અને હાલના વાઈસ પ્રિન્સીપલ શ્રીમતી પુષ્પાબેનને કર્ણાટક રાજ્ય શિક્ષક કલ્યાણ નિધિ તરફથી ઉત્તમ શિક્ષિકા પદવી એનાયત થઈ છે.

### ગદગ ગામનું ગૌરવ

રેવણ સિધ્ધેશ્વર સંયુક્ત પદવી પૂર્વ કૉલેજ – હોસકોટી (તાલુકો-રામદુર્ગ, જીલ્લો બેલગામ) નાં વાઈસ પ્રિન્સિપાલ તથા ગદગનાં (સ્વ.) શ્રી શાંતિલાલ મેઘજી ધરમશીનાં સુપુત્રી શ્રીમતી પુષ્પાબેનનું કર્ણાટક રાજ્ય શિક્ષક કલ્યાણ નિધિ તરફથી બેલગામનાં ગાંધીભવનમાં ડૉ. સિદ્ધરામ સ્વામીજીએ ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન એ 'ઉત્તમ શિક્ષિકા'ની પદવી એનાયત કરી સમ્માન કર્યું. આ પ્રસંગે શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યાં હતા.

પુષ્પાબેન છેલ્લા ૩૨ વર્ષથી ઉપરોક્ત કૉલેજમાં પોતાની સેવા આપી રહ્યાં છે. વર્ષ ૨૦૧૪માં લાયન્સ ક્લબ-રામદુર્ગ તરફથી 'ઉત્તમ શિક્ષિકા'નો એવોર્ડ પણ જીત્યો હતો.

શિક્ષણાધિકારીએ પોતાનાં પ્રવચનમાં જણાવ્યું હતું કે પુષ્પાબેન ખૂબ પ્રામાણિક સંનિષ્ઠ અને માયાળુ સ્વભાવનાં વ્યક્તિ છે. ગદગવાસીઓ એમને મળેલ સિધ્ધિઓ બદલ ગૌરવ અનુભવે છે. ખૂબ ખૂબ અભિનંદન.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – ગદગ વતી**

**– હરિશ શિવલાલ મુનવર**


### લગ્ન સંબંધી

મુંબઈ વડાલા સ્થિત ઉમર વર્ષ ૨૮
(નોન સ્મોકર, નોન ડ્રીંકર)
નિર્દોષ છુટા છેડા થયેલ (યોગ્ય પુરાવા આપવામાં આવશે.) સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર M.B.A. યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે.
ફોટા તથા વિગત સાથે સંપર્ક :
**gbmarraige@gmail.com**


## ક.દ.ઓ. સમાજની ધિયારી ભાવના શેઠ મહારાષ્ટ્રના સી.એમ. શ્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા સન્માનિત થયા.






નાનકડા ગામ મંજલ રેલડીયાના માતુશ્રી નિર્મળા લક્ષ્મીચંદ ધરમશીની દીકરી ભાવના શેઠ સંપૂર્ણ મહારાષ્ટ્ર માંથી એકમાત્ર ગુજરાતી ભાષી 'બેસ્ટ ટીચર' તરીકે સિલેકટ થઈ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસના હાથે 'રાજ્ય પુરસ્કાર' મેળવવાની મોટી સિધ્ધી હાંસિલ કરેલ છે. N.C.P.A. જેવા પ્રતિષ્ઠીત ઓડીટોરીયમમાં શિક્ષણ જગતના નામવંત મહાનુભવોની વિશેષ હાજરીમાં ભગવો સાફો પહેરાવી એકલાખ દસ હજારનો ચેક ભાવનાબેન જયંતકુમાર શેઠ દંપતિને સજોડે મંચસ્થ કરી દૂંદૂભી-તુતારી વાજીંત્રીના નાદ અને તાળીઓના ગડગડાટ વચ્ચે એનાયત કરાયો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**

**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યાએવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


### લગ્ન સંબંધી

મુંબઈ સ્થીત ૧૯૮૨ જનમ નિર્દોષ છૂટાછેડા થયેલ મલ્ટીનેશનલ કાં. માં સારી જોબ ધરાવનાર યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય. છૂટા છેડા ચાલશે.
કુંડલીમાં માનીએ છીએ. સંપર્કઃ **096996 63533**

### લગ્ન સંબંધી

અમદાવાદ સ્થીત ઉમર વર્ષ ૩૦ છૂટા છેડા થયેલ અભ્યાસ ઓટોમોબઈલ એન્જીનીયર યુવતી માટે યુવક જોઈએ છીએ.
સંપર્કઃ **099988 66382**

## કચ્છ : ભુગોલ – ઈતિહાસ સંસ્કૃતિ – ભાગ ૧ ભૂગોળ

**''કચ્છડો ખેલે ખલકમેં જીં મહાસાગરમેં મચ્છ;**
**જિત હિડકો કચ્છી વસે, ઉત્તે અસાંજો કચ્છ''**

**– કારાણી**

નામાભિધાન : ત્રીજા-ચોથા સૈકામાં કચ્છનું નામ 'આભીર' વિશેષ પ્રચલિત હશે કેમકે આભીર પ્રજાના નામ પરથી તે ઓળખાયું છે. જ્યારે ભૌગોલિક પરિસ્થિતિના કારણે પુરાણોમાં 'કચ્છ' અથવા 'કચ્છ' નામનો ઉલ્લેખ મળે છે. કચ્છનો બીજો અર્થ છે ''તટવર્તી ભેજવાળો અને કાદવવાળો પ્રદેશ'' બીજી રીતે જોઇએ તો ચારેબાજુ પાણીથી ઘેરાયેલા કચ્છનો અર્થ ''કાચબો'' એવો પણ કરવામાં આવે છે. આમ છતાં તે સાવ ટાપુ સ્વરૂપે નથી. હાલના કચ્છ પ્રદેશ અંગે મહાભારતમાં દરિયાકાંઠાનો પ્રદેશ પણ ગણાવાયેલ છે.

**ભૌગોલિક :**

કચ્છની ભારતના પશ્ચિમ કિનારે એક બેટ કે દ્વિપ છે. પંદર કરોડ વર્ષોથી ભૂસ્તર રચના ધરાવતો આ પ્રદેશ એકવાર બેટ હતો. ભૂમિશાસ્ત્રીઓની માન્યતા છે કે કચ્છની ભૂમિ લગભગ પાંચેક વખતથી વધુ દરિયામાં ડૂબી ફરીથી ઉપર આવી છે. છેલ્લે અત્યારે જે સ્થળે રણ છે, તે સ્થળે દરિયાની ખાડી હતી. વહાણોની અવરજવર તેની અંદર થતી હતી. કચ્છના વાયવ્ય તરફના નાના રણમાં અગત્યના ફેરફારો અવારનવાર થયા કરે છે.

પ્રકૃતિના ત્રણ અંગો વનસ્પતિજ, પ્રાણીજ, ખનીજ સૃષ્ટિથી ભરપૂર કચ્છની ભૌગોલિક સ્થિતિ જોઈએ તો કચ્છ ગુજરાતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલું છે. એની અંદર ઉત્તરે મોટા રણનો અને દક્ષિણપૂર્વે તેમજ પૂર્વમાં નાના રણંનો સમાવેશ થાય છે કચ્છની દક્ષિણે કચ્છનો અખાત તથા સૌરાષ્ટ્રના ઉત્તર અને ઉત્તર પૂર્વ ભાગ આવેલા છે અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. જ્યારે મોટા રણની ઉત્તરે સિંધ (પશ્ચિમ પાકિસ્તાન) છે. મોટા અને નાના રણની પૂર્વે ઉત્તર ગુજરાતનો પ્રદેશ આવેલો છે.

કચ્છ જિલ્લો ૨૨'-૪૪'-૮' થી ૨૪-૪૧ ઉત્તર અક્ષાંશ અને ૬૮-૦૯-૨૩ થી ૭૧'-૫૪'-૪૭' પૂર્વ રેખાંશ ઉપર ૪૫,૬૫૨ ચો.કી. મીટર વિસ્તાર ધરાવતો વિશાળ પ્રદેશ છે. કચ્છનું મુખ્ય મથક ભુજ છે અને સને ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે કચ્છની કુલ વસ્તી ૨૦,૯૦,૩૧૩ છે. જે પૈકી ૧૦,૯૬,૩૪૩ પુરુષો અને ૯,૯૩,૯૭૦ સ્ત્રીઓ છે. કુલ વસ્તીના ૭૧.૫૮ ટકા વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે. તે પૈકી ૮૦.૬૦ ટકા પુરુષો અને ૬૧.૬૨ ટકા સ્ત્રીઓ છે. આમ સાક્ષરતાનો દર સરાસરી અડધોઅડધથી વધુ ગણી શકાય. આમ વસ્તીના પ્રમાણમાં સાક્ષરતાનો દર વધુ ઉંચો છે.

કચ્છ જિલો ૧૦ તાલુકા અને ૯૫૦ ગામડાઓ ધરાવતો ગુજરાતનો સૌથી વિશાળ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ છે. તેમજ ૩૨૦ કિ.મી. લાંબો સાગરકાંઠો ધરાવતા કચ્છ પાસે રાજ્યનું પ્રથમ એવું કંડલા મહાબંદર કચ્છના સાગર કિનારે છે. જે મુક્ત વ્યાપારનું કેન્દ્ર છે.

કચ્છનું વિશિષ્ટ સ્થાન ભૌગોલિક દૃષ્ટિએ છે તેમજ વ્યુહાત્મક રીતે તે દેશની સરહદ ધરાવે છે. કચ્છની તળભૂમિની પૂર્વ પશ્ચિમ વધુમાં વધુ લંબાઈ ૨૨૫ કિ.મી. છે અને ઉત્તર દક્ષિણ પહોળાઈ વધુમાં વધુ ૭૦ કિ.મી. છે.

**વિશિષ્ટ સ્થાન :** એક તરફ અરબી સમુદ્ર અને બીજી બાજુ વિશાળ રણ પ્રદેશની વચ્ચે આવેલો કચ્છ પ્રદેશ ''મહેરામણથી રણ વચ્ચેનો આહાલાદક પ્રદેશ'' કુદરતે છુટે હાથે પ્રાકૃતિક સૌંદર્યની સમૃધ્ધિ બક્ષી છે. તો સાથે સાથે એટલી જ ભૌગોલિક વિષમતાઓની ભેટ પણ આપી છે.

આમ છતાં, કચ્છ સપાટ મેદાનોની ભૂમિ નથી. આ તો છે ડુંગરાળ પ્રદેશ કાળો, સુજોત્રો, ધીણોધર ભાંજડો જેવો ડુંગર, નાની મોટી ટેકરીઓ, ઓછો વરસાદ,વધુ ઠંડી અને ગરમીનું પ્રમાણ ધરાવતી વિષમ આબોહવા. કચ્છ એટલે માત્ર રણપ્રદેશ જ નહિ પરંતુ માંડવી, મુન્દ્રા, ભુજ,અંજાર વગેરે લીલીછમ વાડીઓએ પ્રદેશે. આમ કચ્છના વિભાગો પાડીનો તો મુખ્યત્વે આ મુજબ પાડી શકાય. પશ્ચિમ દિશામાં અબડાસા અને ગરડો ઉત્તર દિશામાં પાવરપટ્ટી, દક્ષિણ દિશામાં કંઠી અને પૂર્વ દિશામાં વાગડ.


ACBL Estd. 1984
ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
GB-10 A & B, Karma Stambh, LBS Marg, Vikhroli (W), Mumbai - 400083
Tel.: 022-25799326 / 9619486622 | Fax: 022-25799323
E-mail: acblho@arihantbank.com | www.arihantbank.com

QUOTATION FOR PRINTING
We invite quotation from Printers for our Stationery Printing. You are requested to collect the Sample copy and quote for same.
- CEO



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

આ ઉપરાંત નાના રણમાં ચાર મોટા રણદ્વિપો છે ને બન્ની વિભાગ ત્રણ તરફ પાણી અને એક તરફ જમીનથી જોડાયેલ ભૂશિર છે. દુનિયાના રણોની જેમ કચ્છનું રણ ''ઉડતી રેતીનો સમુદ્ર'' નથી પરંતુ અમુક સ્થળે સમુદ્રના પાણીથી ભરેલું તો ક્યાંક પાણી સૂકાઈ જતાં ક્ષારયુક્ત ખારાપોપડાથી આચ્છાદિત જમીનનો બનેલો છે. જેને ''ખારો'' કહેવાય છે. તેમાં કોઈ જગ્યાએ ખનીજો પ્રાપ્ત થાય છે.

કચ્છ પ્રદેશના ડુંગરોની નજીકની લગભગ બધી સપાટી લાવાથી ઠંકાયેલી છે. આ ડુંગરોના ખડકોમાં આગના પ્રભાવથી ચીરા અને ફાટ પડી હોય એમ લાગે છે. આમ છતાં નજીકની જમીનમાં ગાળેલી ધાતુના અવશેષોના વિપુલ અને સુંદર નમૂનાઓ મળે છે. ખનીજ સંપત્તિ અને કુદરતી તેલના ભંડારોની શક્યતાઓવાળો સમૃધ્ધ પ્રદેશ પણ કચ્છ. કચ્છના મધ્ય ભાગની આરપાર પૂર્વેથી પશ્ચિમ મધ્યમ ઉંચાઈની ડુંગરમાળા ''લક્કી''ના નામથી ઓળખાય છે જે કચ્છને લગભગ સમાન બે ભાગમાં વહેંચે છે. અક્ષાંશની જેમ ફેલાયેલી આ ડુંગરમાળા એકથી આઠ માઈલની વિવિધ પહોળાઈ ધરાવે છે. આ સમગ્ર ઘેરાવમાં આવેલી ખીણોમાં થોડા એકર જમીન સિવાય બહુ જ ઓછી ખેતલાયક જમીન રહેલી છે. આમ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિની અસર બીજી બાબતો અને હવામાન પર પણ થાય છે.

આબોહવા-હવામાન :

ઓછો વરસાદ, ઠંડી અને ગરમીનું વધુ પ્રમાણ, સુકૂ હવામાન એ કચ્છની આબોહવાની ખાસિયત છે. પ્રકૃતિની આ દેન કે વિષમતા એજ કચ્છીઓમાં સાહસિકતા પેદા કરી છે. હવામાનની પ્રતિકૂળતાને કારણે લોકો માટે આરોગ્યની સમસ્યા સર્જાય છે. આથી જ હવામાનની વિષમતાઓ કચ્છીઓને પરિશ્રમશીલ અને સહનશીલ બનાવ્યા છે. પડકારો ઝીલવાની શક્તિ આપી છે. તેથી જ કચ્છીઓ ખડતલ, મહેનતુ અને સાથો સાથ દિલના દિલેર પણ ખરા ! તાજેતરમાં (ઈ.સ.૨૦૦૧) થયેલ ભૂકંપ એ વાતની સાક્ષી પૂરે છે કે દરેક પડકારનો સામનો કરીને જીવવા માટે જ કચ્છીઓ સર્જાયા છે જેથી કચ્છના હવામાન માટે આ દૂહો ખૂબ જ પ્રસિધ્ધ છે અને દરેક જણ આ બાબત જાણે છે.

**''શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,**
**ચોમાસે વાગડ ભલો પણ**
**અસાંજો કચ્છડો બારેમાસ''**

## કચ્છની વનસ્પતિ

કુદરતનીઅવકૃપા અને ઓછા વરસાદ અને અનિયમિત આબોહવા સહન કરી શકે તેવી વનસ્પતિ કચ્છમાં થાય છે. મુખ્યત્વે દેશી બાવળ, ખીજડો, ગોરડ અને અન્ય બીજા ઝાડો જ્યારે નાની વનસ્પતિમાં પીલુ, બોરડી, લુસ્કા, લિયાર અને ગૂગળ કે જેના મૂળ સુધી જ્યારે પાણી પહોંચે ત્યારે તે લીલીછમ થાય નહીંતર વર્ષ બે વર્ષ સુધી સૂકી અવસ્થામાં જીવી શકે. તેવી વનસ્પતીઓ હોય તે કચ્છમાં થાય છે.

સ્વ. શ્રી જયકૃષ્ણ ઈંદરજીએ ''કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ'' નામનો અમૂલ્ય ગ્રંથ રચ્યો અને તેમાં વિવિધ વનસ્પતિઓનું વર્ણન કરેલ છે. કચ્છમાં પાંચસોથી વધુ વનૌષધિઓ થાય છે જે પૈકીની ઘણી બધી આજે પણ ઉપલબ્ધ છે. તૃણવર્ગની અને શીંગવર્ગની વનસ્પતિઓ વિશેષ પ્રમાણમાં થાય છે. બીજોરા, ચકોતરા જેવા રસાળ, ખાટા લીંબુ વર્ગના ફળો પણ ઉપલબ્ધ છે. ઝાડો થોડા ઓછા જથ્થામાં હોય છે. કચ્છમાં આફ્રિકન દેશોનું 'બાવોબાવ' વૃક્ષ પણ હાલ મોજુદ છે. આ અંગે ઓલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યશ્રી એસ.એચ. જાડેજાએ વૃક્ષ બતાવી તે અંગે માહિતી આપેલ કે અંગ્રેજીમાં આ વૃક્ષ 'કલ્પવૃક્ષ' તરીકે ઓળખાય છે જ્યારે કચ્છીમાં 'છમકલી' કહેવાય છે. આ ઝાડ સતત પ્રાણવાયું છોડે છે અને રેફ્રીજેટરની ભૂમિકા કચ્છના તાપમાં ભજવે છે. વગડાઉ અને વાવેતરથી થતી વનસ્પતિઓની સંખ્યા પુષ્કળ પ્રમાણમાં છે.

દરિયા કાંઠાના ચેરિયા કિનારા ધોવાતા અટકાવે છે અને તેમાં થતું મધ ઔષધનું કામ આપે છે અને કાળે-દુકાળે પશુઓ માટે તે આશીર્વાદરૂપ છે.

## કચ્છની પક્ષી-પ્રાણી સૃષ્ટિ :

વન અને વનસ્પતિઓના સહચર એવા વન્યપ્રાણીઓ અને પક્ષીઓ પણ કચ્છમાં છે અને દુર દુરથી યાયાવર પક્ષીઓ પણ આવે છે. બારેમાસ જોવા મળતા પક્ષીઓમાં કોયલ, બુલબુલ, ચકલી કાળીયોકોશી, કલાપી, કલકલિયો, મોર, પારવો, ગીધ, બાજ, તેતર, હોલો, બગલો, સમડી, ટિટોડી વગેરે મુખ્ય છે. પરદેશથી કચ્છની મોજ માણવા માટે કચ્છમાં દૂર દૂરથી પક્ષીઓ આવે છે. સાઈબિરીયાથી આવતા સુરખાબો, હંગેરીથી સારિકા અને જર્મનીથી શ્વેતકોંચ આવે છે. જેમાં સુરકાબ અર્થાત્ ફલેમીંગોનું કચ્છમાં બહુમાન છે. કચ્છના મોટા રણને આ પક્ષીઓ પસંદ કરે છે. દર વરસે આવીને સુરખાબ નગર વસાવે છે. ઈંડા મૂકે છે વળી રણના છીછરાપાણીની જીવાત અને શેવાળ આરોગે છે. આ પક્ષીઓના ચિત્રો અને ચલચિત્રો ઉતારવામાં આવે છે. સમય થતા તેઓ પરત પોતાને દેશ પરત ચાલ્યા જાય છે. શિયાળો પક્ષીઓનું આગમન થવાની ઋતુ છે.

કચ્છના પક્ષીઓમાં જેમ વિવિધતા જોવા મળે છે તેમ પ્રાણી જગત પણ આ જ વાતાવરણમાં રહે અને ઉછરે છે. દીપડો એ કચ્છનું

અનુસંધાન ૨૫મા પાને

# મારી આંખે કંકુના સૂરજ આથમ્યા



*મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...*
*મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો*
*રે અજવાળા પહેરીને ઊભા શ્વાસ!*
*મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...*

*પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;*
*ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ*
*રે હણહણતી મેં સાંભળી સુવાસ!*
*મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...*

*મને રોકે પંછાયો એક ચોકમાં,*
*અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો*
*મને વાગે સજીવી હળવાશ!*
*મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...*

*- રાવજી પટેલ*

રાવજી પટેલ અકાળે આથમ્યા, પણ ન આથમે એવું ગીત આપીને. આ કાવ્ય અંતિમ વિદાયનું છે પણ એનો ભાવ લગ્નગીતનો છે. એટલે કે, વિદાયનું ગીત મિલનના લયમાં છે. આ લયનાં મૂળ લોકગીતમાં છે, પણ આ લયનું ફળ શોકગીતમાં છે. માણસ મૃત્યુની અંતિમ ક્ષણે શું અનુભવે છે એ તો લગભગ અકળ રહે છે. પણ માણસ અંતિમ ક્ષણ પહેલાં નજીક ને નજીક આવતા મૃત્યુનો સાક્ષાત્કાર કરે છે ત્યારે એના હૃદયની ભાવસ્થિતિનો ચિતાર અને અત્યંત ઝીણો સૂક્ષ્મ ચિત્કાર કવિએ અહીં આપ્યો છે. આ ગીત વિશે ઘણું લખાયું છે અને લખાશે, કારણ કે આ કાવ્ય સહૃદયને પડકારે એવું છે.

સમજાય એવું છે કે કાવ્યનો નાયક કવિ પોતે જ છે. ગૃહસ્થ છે, જુવાન છે અને આંખ સામે અડીખમ મૃત્યુ છે. આવા માણસના શ્વાસ જ્યારે સમેટાવાના હોય ત્યારે એને સૌથી પહેલો વિચાર પોતાની પત્નીનો આવે છે. પત્નીના સૌભાગ્યનો આવે છે. પણ અહીં તો સૌભાગ્યની સ્પર્ધામાં વૈધવ્ય ક્યાંય આગળ નીકળી જતું લાગે છે. અને એટલે જ સૌભાગ્યના પ્રતીક જેવો - કંકુના સૂરજ જેવો ચાંદલો - પોતાની સગી આંખે - પોતાની આથમતી આંખે જોઈ રહ્યો છે. આ સૂરજ કોઈ આકાશમાં આથમતો નથી પણ પોતાની આંખ સામે જ આ સૂરજ આથમે છે. લાગણી છે પણ એ લાગણીને બહેલાવવાનો પણ સમય રહ્યો નથી. આખી વાત યમના સાન્નિધ્યમાં પૂરેપૂરા સંયમથી મૂકી દીધી છે. 'આથમ્યા...' પછીનાં ત્રણ ટપકાં એ આંસુનાં ચિહ્નો છે કે કંઈક કહેવું છે અને કહેવાતું નથી એની વ્યથાના સંકેતો છે. હવે બહુ ઝાઝો સમય રહ્યો નથી એટલે જ કહે છે:

મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો

નીકળવાની છે સ્મશાનયાત્રા પણ જાણે કે સામૈયું કરવાનું હોય એ રીતે કવિ કહે છે. આ બધાંની સાથે એક આઘાતજનક - જાણે કે વિસ્મય હોય એવી રીતે વેદનાને મૂકી છે. લોકગીતમાં પંક્તિના અંતે આવતો રે અહીં પંક્તિના પ્રારંભમાં મૂક્યો છે. એ આ શું થયું ? અત્યાર સુધી તો શ્વાસ શરીર પહેરીને ઊભા હતા.

*મારી પાટીના અક્ષર ભૂંસાય કે રામ તમે આવોને,*
*મારા ફેરાનાં મીંડા ઘૂંટાય હે! રામ હવે આવોને.*

હવે જ્યારે આંખ આથમવાની છે, નર્યા અંધકારનો મુકાબલો કરવાનો છે, અજાણ્યા પ્રદેશમાં જવાનું છે ત્યારે માણસની છેલ્લી ઘડીએ થોડોક અમથો જીવ રહ્યો હોય ત્યારે બાજુમાં દીવો સળગાવે અને એ દીવાની ટમટમતી જ્યોત હોય એ જ્યોત પવન જોડે ઝઝૂમતી હોય અને લગભગ છેલ્લા શ્વાસ મૃત્યુ સાથે મુકાબલો કરતા હોય ત્યારે એ શ્વાસ પાસે બળતા દીવાનું અજવાળું પહેરીને ઊભા છે.

પીળો રંગ એ રોગનો રંગ, પીળું પંદડું એટલે કોઈ પણ ક્ષણે ખરે એવું પાંદડું. આ નાનકડા અમથા પાંદડામાં લીલા ઘોડાઓ ડૂબી ગયા. વિશાળ સમુદ્રમાં તો કાંઈ પણ ડૂબી શકે પણ કવિએ અહીં રંગનો પણ સધિયારો લીધો છે અને ઘોડાની પણ વાત કરી છે. પાન જ્યારે પીળું ન હોય ત્યારે લીલું હોય, એટલે કે તાજું હોય, તાજગી હોય શક્તિ હોય, સ્ફૂર્તિ હોય અને ઘોડાની વાત પણ સહેતુક છે. અશ્વ એ શક્તિનું પ્રતીક છે. તાકાત અને સવીર્યતાનું પ્રતીક છે. આ લીલા ઘોડા જે બે-લગામ યૌવનના મેદાનમાં દોડતા હોય એ ઘોડા એક પીળા પાનની અંદર ડૂબી ગયા. પણ અહીં કેવળ કવિ કે કાવ્યનાયકની વાત નથી. એ પીળા પાનમાં જ્યારે ઘોડાઓ ડૂબ્યા ત્યારે સામેની વ્યક્તિ એનું પણ કેટલું બધું ડૂબ્યું ! જ્યારે મળ્યાં હશે પહેલી વાર ત્યારે જીવનની કેટલી કલ્પનાઓ હશે. જીવનના કેટલા ઓરતાઓ હશે. કેટલાંય સપનાં હશે. પોતાનું નાનકડું રાજ અને પોતે જ એનાં રાજા અને રાણી. પણ આ અલકાતાં અને મલકાતાં રાજ એ પણ ડૂબ્યાં. આમ દેખીતી રીતે અલકાતાંનો કંઈ અર્થ નથી અને ઘણો બધો અર્થ છે. આપણે આનંદમાં હોઈએ ત્યારે ઘણીય વાર શબ્દોને બેવડાવીએ એમાં બેમાંથી એક શબ્દનો અર્થ હોતો નથી પણ સુખને કે દુ:ખને બેવડાવવા માટે આપણે બેવડાવીએ છીએ. એવી રીતે કવિએ સહેજ શબ્દ પેરે અલકાતાં રાજ અને મલકાતાં રાજ એ શબ્દો મૂક્યા છે. કવિ કહે છે મેં હણહણતી સુવાસ સાંભળી. યૌવનનો જે તરવરાટ છે એ હણહણતી ક્રિયામાં આગળ આવેલા અશ્વના સંદર્ભમાં છે. પણ મેં સુવાસ સાંભળી એટલે હવે કોઈ આકાર તો રહેવાનો નથી. દેહ તો રહેવાનો નથી. દેહ તો ભળી જશે રાખમાં અને હવે તો નિરાકારરૂપે, સુવાસરૂપે જ રહેવાનું. પ્રિય વ્યક્તિ માટે એ સ્મૃતિ થઈ જશે, સુવાસ જઈ જશે.

મૃત્યુ એટલું બધું વાસ્તવિક રૂપે હાજરાહજૂર છે કે એને કારણે વાસ્તવિક રૂપે હાજરાહજુર વ્યક્તિ પડછાયો લાગે છે. આમ પણ જવું કોઈને ગમતું નથી. એને કોઈ જતું હોય ત્યારે કોઈ રોકે છે. એ રોકે છે તે પ્રિય વ્યક્તિનો પડછાયો છે. અડધા બોલ – થોડાક સંભળાય છે, થોડાક નથી સંભળાતા પણ સમજાય છે. જે ઝાંઝર હવે કાયમ માટે અવાક થઈ જવાનાં છે એ ઝાંઝર પણ જતી વ્યક્તિને રોકવાનો પ્રયત્ન કરે છે. જવાનું જે દુ:ખ છે એની વાતને કવિએ સ્પષ્ટ રીતે કહી છે, મને વાગે છે એમ કહીને. પછીની સજીવી હળવાશનો પ્રયોગ પણ કૈંક સૂચક છે. પોતાના જીવમાં કૈંક જીવ રહ્યો છે એટલે એ વાગે છે કે સામી વ્યક્તિના જીવનમાં બીજો જીવ છે, એની હળવાશ વાગ્યા કરે છે. જોરથી વાગે એની વેદના ક્ષણજીવી હોય છે પણ હળવાશ વાગે એની વેદના શબ્દોમાં ન ઊતરે એવી હોય છે. અનુભવ અને અનુભૂતિનાં કાવ્યો એની તીવ્રતાને કારણે જુદાં જ પડવાનાં. કવિએ કાવ્યનો લય એવો પ્રયોજ્યો છે કે અહીં ભાષા અનાયાસે આસાએશ લે છે. પણ ભાષા ભલે આ ઐયાશી માણતી હોય પણ આપણે તો આવા લયલખ્યા કવિ વિના દરિદ્ર જ રહેવાના.

*– સુરેશ દલાલ*

*મારું હોવું અભરખાનું ઝાડ કે રામ તમે આવોને,*
*મારી ફરતે અજંપાની વાડ હે! રામ હવે આવોને.*

# એક મુલાકાત



ન્યુયોર્કના ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશનની પૂછપરછની બારી પરના ઘડિયાળમાં સમય થયો હતો છ વાગવામાં પાંચ મિનિટ ઓછી. એક કદાવર અને ફૂટડો આર્મી જવાન ઝીણી આંખ કરીને સમય નોંધી રહ્યો હતો. એક વખત આ ઘડિયાળ સામે અને બીજી વખત પોતાના કાંડાઘડિયાળ સામે જોઈને એણે બેઉ ઘડિયાળો બરાબર ચાલી રહ્યાં છે તેની ખાતરી કરી લીધી અને દરેક હાવભાવ અને પ્રત્યેક હલનચલન એ અતિ આતુરતાપૂર્વક કોઈકની રાહ જોઈ રહ્યો છે એવું બતાવતાં હતાં. થોડી થોડી વારે એ ઊંડો શ્વાસ લઈને છોડતો હતો. હાથનો પરસેવો લૂછતો હતો. પોતાના હાથમાં પકડેલા રાતા ગુલાબને જોઈને આમથી તેમ આંટા પણ મારી લેતો હતો અને આવું બધું  થાય તેમાં કંઈ નવાઈ પણ નહોતી. છેલ્લા અઢાર અઢાર મહિનાથી જે સ્ત્રીએ એના જીવનામાં અમૂલ્ય સ્થાન મેળવી લીધું હતું એ સ્ત્રી આજે એને પ્રથમ વખત મળવાની હતી. જે સ્ત્રીના લખેલા પત્રો અને એમાંના અદ્દ્ભુત શબ્દોના સહારે એણે યુદ્ધભૂમિ પરનું દોઢ વરસ પસાર કર્યું હતું એ સ્ત્રી એને ફક્ત પાંચ જ મિનિટ પછી એટલે કે, બરાબર છ ના ટકોરે મળવાની હતી. બંનેએ એકબીજાને ક્યારેય જોયાં નહોતાં. ફક્ત પત્રના માધ્યમથી જ મળતાં રહેલાં. આજે છ વાગ્યે રાતા ગુલાબની નિશાની સાથે બંને મળવાના હતાં. હવે ફક્ત ચાર મિનિટ જ બાકી હતી છ વાગવામાં. એ જવાનને આજની પાંચ મિનિટ એની જિંદગીની સૌથી લાંબી પાંચ મિનિટ લાગી રહી હતી.

એ જવાનનું નામ હતું લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડ. અમેરિકન યુદ્ધવિમાનોના કાફલાનો એક બાહોશ પાઈલોટ. હવાઈ ગોળાબારી અને અદ્દ્ભુત ઉડાનકલા માટે એ પૂરા હવાઈ કાફલામાં જાણીતો હતો. યુદ્ધમોરચા પર બ્લાન્ડફોર્ડને એ યુવતી - જેને તે ફક્ત થોડી જ મિનિટ પછી મળવાનો હતો - તેનો પત્ર મળેલો. એમાં લખેલું કે, ‘તમને હવાઈ હુમલો કરતી વેળા ક્યારેય ડર લાગે છે ખરો ?’

‘હા! દુશ્મનોનાં વિમાનો ઘેરી વળે કે પીછો પકડીને ઊડી રહ્યાં હોય ત્યારે જરૂર બીક લાગે છે!’ લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડે જણાવેલું.

‘વેરી ગુડ! તમારી નિખાલસતા માટે મને માન છે. દરેક બહાદુર માણસને બીક લાગે છે! અરે આવા સમયે દરેક માણસને બીક લાગે છે. લોકો એ વાત સ્વીકારતા નથી હોતા, પણ બહાદુર માણસો એ બીકને કાબૂમાં રાખી શકે છે,’ પેલીએ લખેલું. પછી આગળ જણાવેલું કે, ‘તમે પણ બીકને કાબૂમાં રાખી શકો છો. હવે પછી ક્યારેય બીક લાગે ત્યારે એટલું જરૂર યાદ રાખજો કે ભગવાન તમારી સાથે જ છે અને હું પણ તમારા માટે પ્રાર્થના કરું છું.’

આ શબ્દોથી લેફ્ટનન્ટને ખૂબ જ સહારો મળેલો. એની હિંમતમાં પણ ઘણો વધારો થયેલો.

એ જ વખતે એક યુવતી એની નજીકથી પસાર થઈ. લેફ્ટનન્ટનું હૃદય જોરથી ધડકી ઊઠ્યું. પણ પેલી યુવતીના હાથમાં રાતું ગુલાબ નહોતું. લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડ આગળ વધતાં અટકી ગયો.

*મારી છાતીમાં નોધારી ચીસ કે રામ તમે આવોને,*
*મેં તો સાચવીને રાખી છે રીસ હે! રામ હવે આવોને.*

'હાય હેન્ડસમ!' એટલું કહી એ યુવતી ચાલી ગઈ. બ્લાન્ડફોર્ડ ફરીથી વિચારોમાં ડૂબી ગયો. પોતાના ટ્રેનિંગ કેમ્પમાં એક પુસ્તકમાં આ છોકરીના હસ્તાક્ષર તેમજ નામ જોયેલું. ટેલિફોન ડિરેક્ટરીમાંથી એનું સરનામું મેળવી એણે કાગળ લખેલો. પેલી સ્ત્રી જેનું નામ હતું હોલીસ મેયનીલ એણે જવાબ આપેલો. પછી તો પત્રો લખવાનો ક્રમ નિયમિત રૂપે ચાલતો રહેલો. કામના બોજા નીચે લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડ ક્યારેક આ ક્રમ ચૂકી જતો પણ હોલીસ મેયનીલ ક્યારેય ન ચૂકતી. દોઢ દોઢ વરસના આ ક્રમ પછી બંને જણ એકબીજાંને અત્યંત ચાહવા લાગ્યાં હતાં. તેની બંનેને ગળા સુધી ખાતરી થઈ ચૂકી હતી.

લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડને બીજું પણ એક આશ્ચર્ય થતું હતું. આટલા વખતમાં એણે જેટલી વખત એનો ફોટો મોકલવાનું લખેલું એટલી વખત હોલીસ મેયનીલે ઘસીને ના પાડી દીધેલી. બ્લાન્ડફોર્ડે એક વાર અતિ જીદ કરેલી ત્યારે એણે લખેલું કે, 'જો મારા માટેની તારી લાગણી સાચી જ હશે તો હું કેવી દેખાઉં છું એ વાતનું કોઈ મહત્ત્વ જ રહેતું નથી. એટલે મારી વિનંતી છે કે તું ફોટો ન મંગાવીશ, કારણ કે જો હું ખુબ જ રૂપાળી તેમ જ દેખાવડી લાગતી હોઈશ તો તું મારા રૂપને લીધે મારી સાથે સંબંધ રાખે છે તેમ મને લાગશે અને એવા સંબંધ માટે મને ભારોભાર નફરત છે. ધારો કે હું કદરૂપી હઈશ (અને એવું કદાચ હોય પણ ખરું) અને પછી પણ તું લખવાનું ચાલુ રાખશે તો મને એવું લાગ્યા કરશે કે અત્યારે યુદ્ધ મોરચે તું એકલો છે અને તારી સાથે બીજું કોઈ નથી એટલે તું મને લખવા મજબૂર બન્યો હોઈશ. એટલે હવે ક્યારેય મારો ફોટો મંગાવીશ નહીં. તું પોતે ન્યૂયોર્ક આવે અને મને જુએ ત્યારે જ તું જે કંઈ અભિપ્રાય બાંધવો હોય તે બાંધે તેવું હું ઈચ્છું છું' અને એને હોલીસ મેયનીલનાં આ વાક્યો અદ્‌ભુત લાગેલાં.

છ વાગવામાં હવે ફક્ત એક જ મિનિટ બાકી રહી હતી. બ્લાન્ડફોર્ડનું હૃદય હવે એને જરાય ગાંઠતું નહોતું. છેક ગળા સુધી ઊછળી ઊછળીને ધબકતું હતું. બરાબર એ જ વખતે જાણે આસમાનમાંથી કોઈ પરી ટપકી પડી હોય એવું સુંદર રૂપ ધરાવતી એક યુવતી પિસ્તા કલરના ડ્રેસમાં એના તરફ આવતી દેખાઈ. અતિ સુંદર, આકર્ષક અને નમણો ચહેરો, લાંબા પગ, વાંકડિયા લાંબા સોનેરી વાળ, સાગરનું ઊંડાણ ભરેલું હોય તેવી આંખો, મુખ પર મંદ મંદ સ્મિત અને ચાલવાની અદ્‌ભુત છટા જોઈને આફરીન થઈ જવાય તેવું વ્યક્તિત્વ. એ યુવતી એની તરફ જ આવતી હોય તેવું લાગતા બ્લાન્ડફોર્ડ હાથમાં રાતું ગુલાબ એના તરફ લંબાવીને આગળ વધ્યો. ત્યાં જ એની નજર પડી કે એ યુવતી પાસે પણ નિશાની મુજબનું રાતું ગુલાબ નહોતું. મનને ન ગમ્યું છતાં પણ એ અટકી ગયો.

'મારું કંઈ કામ હતું સોલ્જર (જવાન) ?' અચાનક પોતાની આગળ ઊભા રહી ગયેલા બ્લાન્ડફોર્ડને ઉદ્દેશીને એ યુવતી બોલી.

'ઓહ નો! નહીં નહીં! માફ કરજો! કંઈ નહીં, અમસ્તું જ!' બ્લાન્ડફોર્ડે એટલુ કહીને યુવતીને જવાનો માર્ગ કરી આપ્યો. એ યુવતી હસી પડી. પછી રોડ ક્રોસ કરીને સામેની બાજુએ ચાલી ગઈ.

બ્લાન્ડફોર્ડે એને જતી જોઈ રહ્યો. એનું મન એક વખત બોલી ઊઠ્યું કે.... કેટલી સુંદર હતી એ!

બરાબર એ જ વખતે નિશાની મુજબ હાથમાં રાતું ગુલાબ લઈને એની જ તરફ આવતી એક સ્ત્રી દેખાઈ. એ બરાબર એની સામે આવીને ઊભી રહી ગઈ, પરંતુ એ કોઈ યુવતીમાં નહોતી. એ તો આધેડ ઉમરની - બિલકુલ બેઠી દડીની સ્ત્રી હતી. એના માથાના અર્ધાથી ઉપર વાળ સફેદ થઈ ચૂક્યા હતા. ચરબીયુક્ત શરીર, સૂજી ગયેલાં પોપચાં, જાડા પગ, જાડા કાચવાળાં ચશ્માં - ટૂંકમાં સાવ જ

*મારી આંખે ઉજાગરાનું જાળું કે રામ તમે આવોને,*
*હું તો આવ્યાના ભણકારા પાળું હે! રામ હવે આવોને.*

અદોદળું શરીર. હાથમાં રાતું ગુલાબ લઈને એ હસતી હસતી ઊભી હતી.

'હમ્...મ્...મ્...! એટલે જ એણે પોતાનો ફોટો નહીં મોકલ્યો હોય! મેં પણ ક્યારેય એની આશરે ઉંમર પણ ન પૂછી. પણ એણે આવો ઉલ્લેખ તો પોતાના કાગળમાં કરેલો જ!' બ્લાન્ડફોર્ડના મનમાં વિચારોનું વાવાઝોડું ઊમટી આવ્યું. બે ઘડી તો એ થોડોક લેવાઈ ગયો. એકાદ ક્ષણ પૂરતું એનું મન પેલી પિસ્તા કલરના ડ્રેસવાળી સુંદર યુવતીનો વિચાર કરી રહ્યું. પણ બસ! ફક્ત એ એકાદ ક્ષણ જ! તરત જ એને વિચાર આવ્યો કે, 'સાચી સુંદરતા તો મનની જ હોય છે. મેયનીલ ખૂબ રૂપાળી અને પોતે કદરૂપો હોત તો? એટલે શરીરનો વિચાર કરી જે યુવતીએ કપરામાં કપરાં દોઢ વરસ સુધી પોતાને ટકાવી રાખ્યો હતો એને અન્યાય ન જ કરાય. પોતાના ખરાબ સમયમાં સહારો બનેલું આ એ જ અદ્ભુત અદૃશ્ય વ્યક્તિત્વ જ્યારે હવે સદેહે સામે ઊભું છે ત્યારે બાહ્ય દેખાવને પ્રાધાન્ય આપવાનું હોય જ નહીં. બધા જ આડાઅવળા વિચારોને મનના કોઈ અજ્ઞાત ખૂણામાં ધરબીને મોં પર સાચું હાસ્ય તેમ જ સાચી ખુશીના ભાવો લાવી એ આગળ વધ્યો. પેલી સ્ત્રીનો હાથ પકડી તેના હાથમાં રાતું ગુલાબ મૂકતાં એ બોલ્યો, 'મિસ હોલીસ મેયનીલ, હું છું લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડ. ખરેખર તમને મળીને ખૂબ જ ખુશી થઈ. હું તમને પ્રપોઝ કરવા માગું છું. તમે મારા સાથી બનવા રાજી થશો ખરાં? અને જો તમારો જવાબ 'હા'માં હોય તો તમને હું આજ રાતના ખાણા માટે હૃદયપૂર્વક આમંત્રણ પાઠવું છું.'

પેલી બેઠી દડીની જાડી સ્ત્રી ખડખડાટ હસી પડી. હસતાં હસતાં જ એણે કહ્યું, 'દીકરા! વહાલા જવાન! તું શું કહી રહ્યો છે એ મને કાંઈ સમજાતું નથી. હું હોલીસ મેયનીલ પણ નથી. હોલીસ મેયનીલ તો હમણાં અહીંથી પિસ્તા કલરનો ડ્રેસ પહેરીને જે સુંદર યુવતી ગઈને તે હતી. એણે મારા હાથમાં આ રાતું ગુલાબ પકડાવેલું અને કહેલું કે જો તું મને આટલી મોટી ઉંમરની તેમ જ જાડી હોવા છતાં પણ પ્રેમથી, લાગણીથી, ઉમળકાથી તેમ જ આદરથી ડિનર માટે આમંત્રણ આપે તો જ મારે તને જણાવવું કે એ રોડની સામેની તરફ આવેલા રેસ્ટોરાંમાં તારી રાહ જુએ છે. આ કોઈક પ્રકારની કસોટી છે એવું પણ એ બોલેલી. તું તેમાં પાસ થયો છે બેટા! હવે જા જલદી, એ તારી વાટ જોતી હશે!'

રોડની સામેની તરફ પગ ઉપાડતાં પહેલાં કેટલીય વાર સુધી લેફ્ટનન્ટ બ્લાન્ડફોર્ડ એ સ્ત્રી સામે સ્તબ્ધ બનીને જોઈ રહ્યો! પછી એક સ્મિત કરીને એ પેલી પરીને મળવા રેસ્ટોરાં તરફ આગળ વધ્યો!

***

## બે ફિરસ્તા

(અનુસંધાન પાના નં. ૨૩ થી ચાલુ)

યુવાન સાધુ અહોભાવથી ગુરુ સામે જોઈ રહ્યો. અચાનક એનાથી પુછાઈ ગયું, 'પણ ગુરૂદેવ! એ બંને ડોસા-ડોસી હવે ખાશે શું? ભેંસ એમની જીવાદોરી હતી. હવે એ બંને ઘરડાં માણસો ઘર કઈ રીતે ચલાવશે?'

'મેં આપણા ખાટલા પરની ગોદડીની નીચે એક ખોબો ભરીને સોનામહોરો સરકાવી દીધી છે. ઈશ્વરના આદેશથી એ સોનામહોરો મેં પેલા લોભિયા અમીરના ખજાનામાંથી આ લોકો માટે જ લીધેલી. હવે એ બંને જણાં આનાથી પણ વૈભવશાળી જિંદગી જીવી શકશે.' આટલું કહી ગુરુએ એ જ માર્મિક હાસ્ય કર્યું. પછી આકાશ સામે એક દૃષ્ટિ નાખીને બોલ્યા, 'આપણને જેવું દેખાય અને આપણે જેવું માનતા હોઈએ એવું હંમેશાં નથી હોતું!'

ચેલાના મનનું સંપૂર્ણ સમાધાન થઈ ચૂક્યું હતું. બંને ફરીથી મસ્તીમાં ચાલવા લાગ્યા.

***

*છેડો આતમમાં મલ્હારી રાગ કે રામ તમે આવોને,*
*મારા ઇંધણમાં ચાંપો રે આગ હે! રામ હવે આવોને.*

# બે ફિરસ્તા



એક વખત બે ફિરસ્તાઓ સાધુનો વેશ લઈને ધરતી પર ફરવા નીકળ્યા હતા. એકે ઘરડા અને બીજાએ યુવાન સાધુનું સ્વરૂપ લીધું હતું. આમેય બંનેની ઉંમરમાં કેટલીયે સદીઓનો તફાવત હતો. ગુરુ અને શિષ્યના સ્વરૂપમાં ચાલતાં ચાલતાં એ લોકો એક દિવસ સાંજના સમયે એક ગામમાં આવી ચડ્યાં. એ સાંજે વરસાદ પણ ખૂબ વરસતો હતો. ગામમાં પ્રવેશતાં જ એક અમીર માણસનો આલિશાન બંગલો એમની નજરે પડ્યો. ત્યાં પહોંચીને બંને જણાએ દ્વાર ખખડાવ્યું. પેલા અમીર માણસે જ દરવાજો ખોલ્યો. ગુરુ-શિષ્યે એક રાતનો આશરો અને થોડાક ભોજનની માગણી કરી.

પેલા અમીરે બંને સાધુઓને પગથી માથી સુધી નિહાળ્યા. ગંદાં કપડાં, ગારાવાળા પગ, વરસાદથી લથબથ શરીર, વધી ગયેલી જટા અને દાઢી સિવાય બીજું શું જોવા મળે ? ઘડીક તો એને થયું કે આ બંનેને કાઢી મૂકું. પણ સાધુઓ કદાચ નારાજ થઈ જાય તો ? એવી બીક લાગવાથી એણે એમને અંદર આવવાની હા પાડી. સાંજની વધી-ઘટી જે રસોઈ પડી હતી એ એણે બંને સાધુઓને જમાડી. પોતાના ઘરના ઉત્તમ રીતે સજાવેલા એક પણ કમરામાં આ બંને સાધુઓને રાખવાનો એનો જીવ ન ચાલ્યો. ગારાથી ખરડાયેલા આ બંને બાવા પોતાના મકાનના ભવ્ય ઓરડાઓને બગાડી નાખશે એવી ભીતિ એને સતાવતી હતી. સાધુને વળી પલંગ શું કે ભોંયપથારી શું એમ વિચારીને એણે બંને સાધુઓને મકાનના ભોંયતળિયે આવેલી એક અંધારી ઓરડીમાં શણના કોથળા પાથરી આપ્યાં. ઓઢવા પણ શણમાંથી બનેલ કંતાન જ આપ્યાં. બંને સાધુ કઈ પણ બોલ્યા વિના લાંબા થયા. આખા દિવસના પરિભ્રમણથી થાક લાગ્યો હશે એટલે પડતાં જ એમની આંખ મળી ગઈ.

થોડી વાર પછી કંઈક ખખડાટ સાંભળીને ચેલાની આંખ ખૂલી ગઈ. જાગીને જુએ છે તો ગુરુ ઓરડીમાંથી રેતી, ચૂનો, પથ્થર વગેરે શોધીને મકાનના પાયામાં પડેલું મોટું ગાબડું ચાંદી રહ્યા હતા. એને ખૂબ જ નવાઈ લાગી. જે અમીર માણસે એમને આમ જુઓ તો લગભગ હડધૂત જ કર્યા હતા એના જ ઘરની ગુરુ મરામત કરી રહ્યા હતા. જેને શાપ આપવો જોઈએ, એને મકાનનું સમારકામ કરીને આશીર્વાદ આપી રહ્યા હતા. ઘડીક વારમાં જ ગુરુએ પાયાની દીવાલને વરસોનાં વરસો સુધી કંઈ પણ ન થાય તેવી મજબૂત કરી આપી. કામ પતાવીને ગુરુએ લંબાવ્યું ત્યારે ચેલાથી બળાપો કાઢ્યા વિના ન રહેવાયું. એણે ગુરુ પાસે પોતાની નારાજગી વ્યક્ત કરી ત્યારે ગુરુ ફક્ત એટલું જ બોલ્યા કે, 'બેટા! આપણને જેવું દેખાય છે અને આપણે જેવું માનીએ છીએ એ બધું હંમેશાં એવું જ નથી હોતું.' ગુરુની વાત સમજાઈ નહીં, પણ એમાં જરૂર કંઈક મર્મ હશે જ એમ માનીને એ ચૂપ થઈ ગયો. સવાર પડતાં જ બંને પેલા અમીરની રજા લઈને આગળ ચાલ્યા.

એ દિવસે પણ ખાસ્સું ફર્યા પછી સાંજ પડતાં જ એક ગરીબ માણસની ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. ઝૂંપડીમાં એક વૃદ્ધ દંપતી રહેતું હતું. ડોસો અને ડોસી પોતાની પાસે એક ભેંસ હતી તેનું દૂધ વેચીને ગુજરાન ચલાવે. સંતાન તો કંઈ હતું નહીં. બંને જણાં સાધુઓને પોતાના આંગણે પધારેલા જોઈને હરખઘેલાં થઈ ગયાં. એમણે આગ્રહ કરીને સાધુઓને પોતાના તૂટેલા ખાટલા પર બેસાડીને એમના પગ ધોયા. પછી રોટલો, ભેંસનું દૂધ અને મરચાંની ચટણીનું ભોજન કરાવ્યું. આગ્રહ કરી કરીને બંને સાધુઓને એમણે ભરપેટ જમાડ્યા. ભોજન સાવ સાદું હતું, પણ બંનેનો ભાવ એવો અદ્ભુત હતો કે ગુરુચેલાને આ ભોજન પેલા

*હવે જીવતર આ જૂના કથીર કે રામ તમે આવોને,*
*મારી અંદરથી ખોવાણા પીર હે! રામ હવે આવોને.*
*- મધુમતી મહેતા*

અમીરના વધેલાં પકવાનો કરતાં પણ વધુ મીઠું લાગ્યું.

રાત પડી. ઝૂંપડી એટલી નાની હતી કે ફક્ત બે માણસ જ સમાઈ શકે. બાકી તો ભેંસ બાંધવાનું એકઢાળિયું હતું. વરસાદનો સમય હતો. એટલે બહાર સૂઈ શકાય તેવું તો હતું નહીં. ડોસા-ડોસીએ સમ દઈને બંને સાધુઓને ઝૂંપડીમાં સૂવડાવ્યાં અને પોતે ભેંસની બાજુમાં એકઢાળિયામાં સૂતાં.

વહેલી સવારે કોઈના રડવાનો અવાજ સાંભળીને ચેલાની ઊંઘ ઊડી ગઈ. જોયું તો ગુરુ નિર્લેપ ભાવે બેઠા હતા અને બહારથી ડોસા-ડોસીના રડવાનો અવાજ આવી રહ્યો હતો. બહાર જઈ એણે જોયું તો એ વૃદ્ધ દંપતીની આજીવિકાનું એકમાત્ર સાધન એમની ભેંસ મરી ગઈ હતી. એ વૃદ્ધ પતિ-પત્ની માટે ભેંસ તો જીવાદોરી સમાન હતી. એના મરી જવાથી બંને માણસ પર વીજળી તૂટી પડી હતી. એમને આશ્વાસન આપવા માટેના શબ્દો પણ ચેલાને જડ્યા નહીં. શું બોલવું એ એને ન સમજાયું. એ કંઈ પણ બોલ્યો નહીં. ફક્ત એની આંખમાંથી પણ આંસુઓ સરી પડ્યાં. વૃદ્ધ દંપતીની મૂંગા-મૂંગા રજા લઈ એમને વિલાપ કરતાં જ છોડીને બંને આગળ વધ્યા.

ગુરુ તો ચૂપચાપ ચાલ્યે જતા હતા, પણ ચેલાથી હવે રહેવાયું નહીં. બે રાતથી દબાવી રાખેલો એનો આક્રોશ બહાર આવી ગયો. એ બોલ્યો, 'ગુરુજી, હવે તો હદ થાય છે. તમે તો અત્યંત શક્તિશાળી અને ચમત્કારી છો. તો પછી આમ કેમ? જેના ઘરે કોઈ વસ્તુની ખામી નથી એવા પેલા લોભિયા અમીરની દીવાલ તમે સારી કરી આપી. એણે તો આપણને બરાબર સાચવ્યા પણ નહોતા. અરે! એવું કહો કે એણે તો આપણને હડધૂત જ કર્યા હતા. છતાં તમે એને મદદ કરી, જ્યારે આ વૃદ્ધ દંપતીએ તો આપણને ખરેખર અતિથિ દેવોની જેમ જ સાચવ્યા હતા. એ વૃદ્ધ દંપતીનું તો જે કહો તે એમની ભેંસ જ હતી. તમારી હાજરી હોવા છતાં એમની ભેંસ મરી ગઈ, છતાં તમે નિર્લેપ જ રહ્યા. શું તમને એમની દયા પણ ન આવી?'

'જો બેટા! આપણને જેવું દેખાય છે અને આપણે જેવું માનીએ છીએ એ બધું હંમેશાં એવું જ નથી હોતું!' એટલું ખૂબ જ શાંતિપૂર્વક કહીને ગુરુએ તો પાતની ધૂનમાં ચાલવાનું શરૂ જ રાખ્યું.

પણ આજે ચેલો એક પણ વાત માનવા તૈયાર નહોતો. એની નામરજી જોઈ ગુરુ ઊભા રહી ગયા. આકાશ સામે જોઈ કંઈક વિચાર્યું. પછી બોલ્યા, 'જો! તારે જાણવું જ છે ને? તો સાંભળ! પેલા અમીર માણસના મકાનના પાયામાં એના પિતાએ હજારો સોનામહોરો અને ઝવેરાત છુપાવેલું હતું. એના પાયાની દીવાલમાં ચૂનાનું ગાબડું પણ બરાબર એ જ જગ્યાએ પડ્યું હતું. જો હું એ ગાબડાનું સમારકામ ન કરત તો એ ખજાનો ક્યારેક આ લોભિયાને હાથ લાગી જ જાત અને હવે એ માણસ એ ધન મેળવવાને બિલકુલ લાયક નથી રહ્યો. એટલે વરસો સુધી એ સોનામહોરો કોઈના હાથમાં ન આવે એવી રીતે મેં દીવાલમાં ભંડારી દીધી અને ઉપર એવું સમારકામ કરી નાખ્યું કે એ જગ્યાએ ક્યારેય ગાબડું પડે જ નહીં!'

ગુરુની વાત સાંભળી ચેલાને આશ્ચર્ય થયું. એના મનનું અમુક અંશે સમાધાન થયું. પણ પેલા વૃદ્ધ દંપતી અંગે પૂછ્યા વિના એનાથી ન રહેવાયું. એ બોલી ઊઠ્યો, 'તો પછી ગુરુજી, પેલા વૃદ્ધ ખેડૂત દંપતીની ભેંસ શું કામ મરી જવા દીધી? એમાં પણ કંઈક રહસ્ય હોય તો મને સમજાવો!'

માર્મિક હાસ્ય વેરતાં ગુરુએ કહ્યું, 'બેટા! કાલે રાત્રે તું સૂતો હતો ત્યારે મોતના દૂતો એ ડોસીમાનો જીવ લેવા માટે આવ્યા હતા. જો આ ઉંમરે માજી જતા રહે તો દાદાનું શું થાય? એ તો ખરેખર ભગવાનના દૂત જેવો માણસ છે. એની પાછળની જિંદગી વેરાન બની જાય. એટલે મેં યમદૂતને સમજાવીને માજીને બદલે એની ભેંસનો જીવ લઈ જવા સમજાવ્યો. ઈશ્વરના આદેશથી એણે એ માન્ય રાખ્યું. એટલે ભેંસ મરી ગઈ, પણ એ ડોસીમા બચી ગયાં!'

**(અનુસંધાન પાના નં. ૨૧ ઉપર)**

*ઉલ્લાસ છે, ઉમંગ છે, આશા છે કોડ છે,*
*આંખોમાં એનો જાણે જીવનનો નિચોડ છે.*
*- અમૃત 'ઘાયલ'*

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ગદગમાં પર્યુષણ પર્વ ઉજવણી

ગદગ આ વર્ષે પૂજ્ય મુનિરાજ શ્રી જગવલ્લભસાગરજી મ.સા. ની પાવન નિશ્રામાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવેલ. દરરોજ સવારનાં ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, સ્નાત્રપૂજા, પ્રતિક્રમણ તથા રાત્રે ભક્તિભાવનાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાદરવા સુદ ૨ નાં ૧૫૦ કલાકારો સાથે શ્રી સમેત શિખરજીની ભવ્ય ભાવયાત્રા કરાવવામાં આવી હતી.

૨૪ તીર્થંકર ચ્યવન કલ્યાણક તપ નાં ૧૯ તપસ્વીઓ, અઠ્ઠાઈ તપના ૧૧ તપસ્વીઓ તથા વર્ષીતપ ૬ જણાએ કરેલ છે. શ્રી કલ્પસૂત્ર પધરાવનાર લાભાર્થી : શ્રી પદમશી ઘેલાભાઈ મોતા પરિવાર ૬૦૦૬ મણ, પ્રભુજીનું પારણું પધરાવનાર શ્રી રતનશી મેઘજી નાગડા પરિવાર ૩૧,૧૧૧ મણ, તથા સ્વપ્નાનું કુલ ધૃત ૮૩,૧૭૧ મણ થયેલ.

ભાદરવા સુદ ૬ નાં શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળે સામૂહિક ક્ષમાપના કાર્યક્રમનું સંચાલન કરેલ.

ભાદરવા સુદ ૬ નાં શ્રીમતી મણીબાઈ કાંતિલાલ મૈશેરી કાયમી સ્કોલરશિપનું વિતરણ મહાજનશ્રી તરફથી સકળ સંઘ માટે સ્વામી વાત્સલ્ય જમણ રાખવામાં આવેલ.

### સાંધાણમાં પર્યુષણ આરાધના :

શ્રી સાંધાણ તીર્થ મધ્યે પર્યુષણ મહાપર્વની આરાધનામય ઉજવણી શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠ તરફથી આવેલ આરાધક બહેનો ૧. લક્ષ્મીબેન મુલચંદ ફુરીયા (મેરાઉ-થાણા) તથા ૨. કુ. સ્નેહા હેમચંદ દેઢિયા (ગઢશીશા-મુલુંડ)ની નિશ્રામાં ખૂબ જ રૂડી રીતે આનંદથી કરવામાં આવી. લગભગ ૮૦ સભ્યોએ પર્વની આરાધનામય ઉજવણીમાં ભાગ લીધેલ.

શ્રી કલ્પસુત્ર (પોથી) ૭૦૦૨ મણમાં માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી - રંગપુર પરિવારે પધરાવેલ. પોથી શ્રી કિર્તીભાઇ વેલજી ધરમશીના ઘરે પધરાવવામાં આવી.

પ્રભુજીનું પારણું ૧૦૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી - બારસીવાલા પરિવારે પધરાવેલ. સ્વપ્નાનું કુલ ધૃત ૨૧૫૬૫૦ મણ થયેલ તથા પર્યુષણ પર્વનું કુલ ધૃત ૨૬૩૩૨૨ મણ થયેલ. તપસ્વીઓ : ૧) વરસીતપ : શ્રી વિપુલ લાલજી ધરમશી ૨) શ્રીમતી ડિમ્પલ વિપુલ ધરમશી ૩) બેન લક્ષ્મીબેન મુલચંદ ફુરીયા ૪) કુમારી સ્નેહા હેમચંદ દેઢિયા. સોળ ઉપવાસ : શ્રીમતી પ્રફુલ્લા ભરત લોડાયા. દોઢમાસના એકાસણા : ૧. માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી ૨. શ્રીમતી કમળાબેન ગુલાબભાઇ ધરમશી.

ભાદરવા સુદ ૭ ને દિવસે ૫૫ જણાએ ચૈત્ય પરિપાટીનો લાભ લીધો. જેના આયોજક દાતા માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી બારસીવાળા પરિવાર હતા. ચૈત્ય પરીપાટીમાં ડુમરા, દેઢિયા, બાયઠ, ડોણ, આયુમાતા મંદિર, ગોધરા-અંબેમાતા મંદિર અને શિવમસ્તુ દેરાસર, માંડવી લક્ષ્મી વિલાસ મહેલ, માંડવી ચોપાટી જિનાલય વગેરે સ્થળો આવરી લેવાયેલ.

સાંધાણ મધ્યે મહાજનવાડી અંદર આવેલ ભોજનશાળાને ''માતુશ્રી હીરબાઇ દામજી પાસુભાઇ ધરમશી (બારસીવાલા) ભોજનશાળા'' નામ આપવામાં આવેલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ધુલિયા

તા. ૧૭-૦૯-૨૦૧૬ સવારના ધુલિયાથી ચૈત્ય પરિપાટી નિમિત્તે ગુજરાત બાજુ ૧૮ જણાં રવાના થયેલ. ચૈત્ય પરિપાટી શ્રી ક.દ.ઓ. સંચાલિત રાવસાહેબ ગોવિંદજી ખીમજી પરિવાર હતી. જેનું આયોજન તથા માર્ગદર્શન શ્રી જયેશભાઈ ભાટેએ કરેલ ચૈત્યપરિપાટીનો રૂટ ધુલિયા, નવાપૂર, શંખેશ્વર, ઝઘડિયાજી, ભરૂચ, ગાંધાર, દહેજ, કામરેજ અને પાછા ધુલિયા એમ હતું.

નવાપૂરમાં શ્રી ગુલાબચંદ ભાટેએ નવકારશીનો લાભ

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

લીધેલ. એમનું બહુમાન મહાજનશ્રીઓ કરેલ, તથા ચૈત્યપરિપાટીના મુખ્ય દાતા તથા સહદાતાઓનું પણ ત્યાં બહુમાન કરેલ. બે દિવસ દરમ્યાન જેમણે નવકારશી, બપોરનું જમણ, ચોવિહાર તથા મુખવાસના દાતા હતા તેમનું પણ બહુમાન કરેલ.

ધુલિયામાં જે ક્ષમાપનનું કાર્યક્રમ થયેલ તેમાં શ્રી અરિહંત એજુકેશનલ ટ્રસ્ટ તરફથી પાસ થયેલ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ તથા શ્રી ઠાકરશી રણશી ગોસર તરફથી આખા વરસમાં ૧ લાખ નવકાર ગણવા, છુટ્ટીના દિવસોમાં પૂજા કરવી તથા ૨૦૦ સામાઈક કરનારને ઈનામ આપવામાં આવેલ. સૌ. નમ્રતા આશિષ સોનીએ વિમલજિન તપ કરેલ તથા ચિ. નિધિષ, આશિષ સોની તથા મિત્તલ અમિત સોનીએ નવવર્ષની ઉમરમાં પર્યુષણમાં અઠ્ઠમ કરેલ.

**લાલા ગામની નવી સમિતિ**

લાલા સંઘના ભુતપૂર્વ ટ્રસ્ટીઓ દ્વારા તા. ૧૯ જુન ૨૦૧૬ની સામાન્યસભાનું આયોજન મુલુંડ, મેપાણી હૉલમાં કરવામાં આવેલ ટ્રસ્ટીઓ દ્વારા તેમની ટર્મ પુર્ણ થતી હોઈ નવા ટ્રસ્ટ મંડળની રચના માટેની રજુઆત કરવામાં આવતાં, સમસ્ત ગામવાસીઓની સંપુર્ણ સહમતિથી સિલેક્શન પધ્ધતીથી નીચે મુજબના સાત (૭) ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં આવેલ છે.

પ્રમુખ : શ્રી લહેરચંદ દામજી મૈશેરી (L.D.), ઉપપ્રમુખ : શ્રી તેજપાલ લખમશી ધરમશી, સેક્રેટરી : શ્રી દિલીપ ઉમરશી દંડ, જોઈન્ટ સેક્રેટરી : શ્રી પારસ લહેરચંદ મૈશેરી, ખજાનચી : શ્રી રાજેશ મુલજી મૈશેરી, સ્થાનિક : શ્રી રાજેશ હિરાચંદ મોમાયા.

સંપર્ક સુત્ર : શ્રી લહેરચંદ દામજી મૈશેરી (L.D.) - 9892450358, શ્રી દિલીપ ઉમરશી દંડ - 9869324944, શ્રી પારસ લહેરચંદ મૈશેરી - 9322045744, શ્રી રાજેશ મુલજી મૈશેરી - 9909883970.

**કોચીનમાં પક્ષી બચાવ માટે ગાંધી ઢબે ઉપવાસ**

કોચીનમાં તા.૨૮-૮-૨૦૧૬ના પતંગને ઉડાડવામાં આવતા ટંગીસ ડોરાના વિરોધમાં તથા ટંગીસની જગ્યા એ કોટન ડોરો વાપરવામાં આવે તે માટે જનજાગૃતિ લાવવા માટે એક દિવસનો સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યાસુધી Hunger Strick (ઉપવાસ), ફોર્ટ કોચી, ગાંધી બીચમાં ગાંધી ઢબથી મુકેશ માણેકજી લોડાયા, જૈનએ કરેલ એ પ્રસંગનો ઉદ્‌ઘાટન પૂર્વ સ્વતંત્રતા સૈનાની તથા પ્રેસિડેન્ટ એવૉર્ડ વિનર કે ભાનુપ્રકાશ, ઉમર ૮૮, એમના સ્વહસ્તે કરાવેલ. એમને ઉદ્‌ઘાટન પછી સ્કાઉટ વિદ્યાર્થીઓ દ્વારા ડ્રીલ (સલામી) આપવામાં આવેલ. આ પ્રસંગે ફસાયેલા પક્ષીઓના ૧૦૭ ફોટાનું પ્રદર્શન પણ રાખવામાં આવેલ.

**જીએસટી વિશેનો સેમિનાર ફક્ત આમંત્રિતો માટે**

કે.ડી.ઓ. સી.એ. એસોસીએશન દ્વારા અરિહંત બેંકના સહકારથી આમંત્રિત પ્રોફેશનલસ, પ્રોફેશન અભ્યાસના વિદ્યાર્થીઓ ઉદ્યોગકાર, વ્યવસાયકાર માટે જીએસટી વિશે સેમિનારનું આયોજન શનિવાર, તા. ૨૨-૧૦-૨૦૧૬ના સાંજે ૪.૩૦થી ૮.૩૦ વાગ્યાસુધી કે.જે. સોમૈયા મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના તક્ષશીલા ઓડિટોરિયમ, ચાણાક્ય બિલ્ડીંગ, ૪થે માળે, વિદ્યાવિહાર (ઈસ્ટ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે.

---

**કચ્છની પક્ષી-પ્રાણી સૃષ્ટિ** પાના નં. ૧૬થી ચાલુ

હિંસક પ્રાણી છે. જ્યારે હેલાત્રો અતિ વિરલ છે. શિયાળ, લોંકડી, જંગલી બિલાડી અને નાના પ્રાણીઓમાં શાહુડીને ધોર ખોદિયું ગણાવી શકાય. આ બધા પ્રાણીઓ સપાટ મેદાનમાં પોતાની રૂચી અને જાતિની આદતો મુજબ જીવે છે.

કચ્છનું ખાસ પ્રાણી ઘુડખર છે. ગીરના સિંહ જેમ તે અહીંનું વિશિષ્ટ પ્રાણી છે. તેને જંગલી ગધેડા તરીકે પણ ઓળખવામાં આવે છે. નાના રણના વિસ્તારને ઘુડખરના અભ્યારણ તરીકે સરકાર તરફથી જાહેર કરાયેલ છે. નીલગાય, સુવર વગેરે વનસ્પતિ-આહારી હોઈ ખેડૂતોને નુકશાન કર્તા છે. ભગાડ નામનું કચ્છનું એક વનચર પ્રાણી છે આ ઉપરાંત દેડકા, કાચલા, મગર જેવા જળચર પ્રાણી તેમજ સસલાં, છછુંદર, નોળિયા અને સાપ, ઘો જેવા દરમાં રહેતા પ્રાણીઓ પણ જોવા મળે છે. વળી કચ્છનો મોટો જંગલ વિસ્તાર વન્ય પશુ-પક્ષીને જરૂરી રક્ષણ પુરું પાડે છે.

- કચ્છ રચનાના દિપોત્સવી અંક ૨૦૧૬માંથી સંકલિત

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જ્ઞાતિની બે નિયાણીઓ મંજલ રેલડીયાના માતુશ્રી નિર્મળા લક્ષ્મીચંદ ધરમશીના સુપુત્રી ભાવનાબેને મહારાષ્ટ્ર રાજ્ય સ્તરે અને ગદગના શાંતિલાલ મેઘજી ધરમશીના સુપુત્રી શ્રીમતી પુષ્પાબેને કર્ણાટક રાજ્ય સ્તરે શ્રેષ્ઠ શિક્ષકની પદવી મેળવી અભિનંદન..

**- ચીમન મોતા** *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કાંતીલાલ હીરજી માલદે** (ડાઘા)<br>(PS 1407) | ૩૦૩, સફલ, પ્રભુ કૃપા સોસાયટી, સેંટ જ્યોર્જ સ્કુલ પાસે,<br>પંચવટી સોસાયટીની સામે, પી. એન. માર્ગ, જામનગર - ૩૬૧ ૦૦૮. |
| **હીરેન શામજી દંડ**<br>(PS 5086) | એ૨/૩૦૨, સિધ્ધાર્થ સમન્વય, સુરેન્દ્ર નર્સરી પાસે, જુનો ચાન્ની રોડ,<br>વડોદરા - ૩૯૦ ૦૨૪. મો.: ૯૮૨૫૧ ૩૧૭૯૭ |
| **પ્રિન્સ પ્રતાપ શાહ (મોતા)**<br>(PS 5442) | એન/૧૨૦૧, મયૂરેશ સૃષ્ટી, એસિયન પેઈન્ટ્સની સામે, એલ.બી.એસ. રોડ,<br>ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. |
| **માણેકજી વિશનજી છેડા**<br>(PS 1425) | ૩૦૫, હોરીઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.<br>મો.: ૯૮૧૯૫ ૫૬૭૬૭ |
| **શશીકાંત કુલીનકાંત લોડાયા**<br>(PS 5887) | ફ્લેટ નં. ૧૨, જાનકીરામ કો.હા.સો., સંત નામદેવ પથ, શિવસેના શાખા સામે,<br>જિજાઈ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. વિશાલ - મો.: ૯૦૨૯૯ ૭૭૧૧૫ |
| **હાર્દીક હીરેન મોતા**<br>(PS 7287) | ૪-૩-૧૩૫/૪૬, સુધીર કુમાર કૉલોની, હયાતનગર, હૈદ્રાબાદ - ૫૦૧ ૫૦૫.<br>તેલંગાના. મો.: હેમાંગ મોતા ૮૦૯૯૯ ૭૩૬૩૮ / ૭૭૯૪૦ ૬૮૨૫૬ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૮-૧૬ | મુલુંડ | પ્રેક્ષા, સમતા પરીન લાજેશ ખોના | તેરા | પુત્રી |
| ૨૭-૦૯-૧૬ | આણંદ | હીયા, મીંકલ (ભાવિની) મોહિત કિશોર લોડાયા | તેરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૬ | મુલુંડ | અજય અમિત ખોના | નલિયા | ૨૬ |
| | વડોદરા | મેઘા હેમંત લોડાયા | નલિયા | ૨૫ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૬ | મુલુંડ | નિશાંત ધનરાજ દેવજી ખોના | નલિયા | ૨૭ |
| | મુલુંડ | નૈની તુષાર લક્ષ્મીચંદ ગાલા | છસરા | ૨૫ |
| ૧૦-૧૦-૧૬ | ઘાટકોપર | આનંદ અજીત દાસ | નવી દિલ્હી | ૨૮ |
| | મુલુંડ | નિરાલી કાન્તીલાલ નાગડા | જખૌ | ૨૫ |
| ૧૧-૧૦-૧૬ | વડાલા | હર્ષલ ભરત લોડાયા | દલતુંગી | ૨૭ |
| | ઉલ્હાસનગર | ગુરપ્રીત ઈન્દ્રજીત કુલ | પંજાબ | ૨૭ |
| ૧૧-૧૦-૧૬ | મુલુંડ | હાર્દીક રાજેશ શાહ | દેપલા | ૨૭ |
| | કાંદિવલી | નિતલ અજય નાગડા (શાહ) | જખૌ | ૨૭ |
| ૧૧-૧૦-૧૬ | બેંગલોર | હેમાંગ અજીત દલીચંદ મહેતા (યુએસએ) | વલભીપૂર | ૨૯ |
| | ચેન્નાઈ | શ્રુતિ અતુલ પ્રવીણ ડાગા (ઑસ્ટ્રીયા) | વરાડીયા | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૬ | લીલુઆ-હાવરા | સમીર કિરીટ દંડ (શાહ) | સાંધવ | ૩૫ |
| ૦૮-૧૦-૧૬ | મુલુંડ | કુમાર રાયચંદ વેલજી માડણ | કુવાપધર | ૫૦ |
| ૧૦-૧૦-૧૬ | મસ્જીદ બંદર | પ્રદીપ રતિલાલ મોમાયા | સાંયરા | ૬૪ |
| ૧૩-૧૦-૧૬ | ઘાટકોપર | હિનાબેન મધુકાન્ત લોડાયા | સુથરી | ૬૭ |
| ૧૫-૧૦-૧૬ | વાપી | કલ્પના શાંતીલાલ પદમશી લોડાયા | કોઠારા | ૫૭ |



# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

# અ.સૌ. મધુરી ધનજી લાલજી ખોના

ગામ : નલિયા-મુલુંડ

જન્મ : ૨૩-૭-૧૯૪૭
દેહ વિલય : ૧૯-૧૦-૨૦૧૫

તું હતી તો ઘર ખરેખર ઘર હતું 'મા'
આંગણું જાણે મીઠું સરોવર હતું 'મા'
ધોમ ધખતા તાપ સામે છત્ર જેવી તું 'મા'
માથે જાણે વાદળી ઝરમર થતી ઓ 'મા'
વિચક્ષણ, દયાળુ, ધર્માનુરાગી, આદર્શ હતી તું 'મા'
ગોતી ગોતી થાકીશ પણ મળીશ નહીં તું 'મા'

જનનીની જોડ નહીં જડે રે લોલ

**શોકાતુર : આપના બાગબાનના પુષ્પો...**

પુત્ર-પુત્રવધુ
અ.સૌ. અવની કેતન ધનજી ખોના
પૌત્ર :
દક્ષ કેતન ખોના
પુત્રી-જમાઈ
અ.સૌ. હિના નિતીન થાનેકર
દોહિત્રી : પૂજા ગણેશ, તેજલ રોહિત
પ્રદોહિત્રી : સરગમ

ત્રાજવે તોલ તોલાય નહીં
ને ચાકળે ઘાટ ઘડાય નહિં,
આખા બ્રહ્માંડમાં મુલાય બધું,
પણ દાદી...
તમારા હૈયાનાં પ્રેમને
કદી ન મુલવાય...
– દક્ષ

BINITA S. MARU : 98690 34162

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (17-10-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



## શ્રી કેતન ગોવિંદજી લોડાયા (અજાણી), ઉ.વ. ૫૦

કચ્છ : કોઠારા • મુંબઈ : ઘાટકોપર

જીવન યાત્રા : તા. ૧૬-૧૦-૧૯૬૫ • તા. ૨૦-૧૦-૨૦૧૫

વિધિના લખ્યા લેખ કેવા ક્રૂર થઈ ગયા,
હાસ્ય તણા ઝળઝળીયા આંખોના પૂર થઈ ગયા....
છોડ્યો તમે હાથ, મજબૂર અમે થઈ ગયા,
હજુ જોઈતો હતો સાથ તમે દૂર થઈ ગયા....

છોડી અમારો સાથ... વસ્યા જઈ પ્રભુની પાસ,
વિરલ વ્યક્તિત્વ તમારું... અમર એની સ્મૃતિ સુવાસ !

**માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા (અજાણી) પરિવાર**

નિવાસ : ૯૦૪/૯૦૬, સહ્યાદ્રી બિલ્ડીંગ, નીલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

**કુલીન જ્વેલર્સ ❖ કુલીન ઈમ્પેક્સ**

મુંબઈ-૪૦૦ ૦૦૨.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,